RNI No.: GUJGUJ/2014/59295

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 174* Date: 22.04.2020 * Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ૧૮,૦૦૦ને પાર,મૃત્યુઆંક ૫૯૨

કોરોના સંકટ: ભારતમાં દર એક કલાકે બે લોકોના કોરોનાથી મોત..!

ન્યુ દિલ્હી,તા.૨૧

સમગ્ર દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. દેશભરમાં કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૮,૦૦૦ ની સંખ્યાને પાર કરી ૧૮,૭૮૬ થઈ ગઈ છે. હાલમાં ૧૪,૭૫૯ સક્રિય દર્દીઓ છે જ્યારે ૩,૨૭૩ લોકો સ્વસ્થ બન્યા છે. કોરોનાથી મરનારાઓની સંખ્યા ૫૯૨ પર પહોંચ્યો છે. તે જ સમયે, કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૩૬ નવા કેસ નોંધાયા છે અને ૪૭ લોકોનાં મોત નીપજયાં છે એટલે કે દર એક કલાકે બે લોકો કોરોનાથી મોતને ભેટી ચૂક્યા છે. કર્મચારીઓને લાઇવ શો બંધ કરવો પડ્યો હતો. દુનિયાભરમાં હાહાકાર મચાવનાર કોરોના મહામારી કોરોના વાઇરસનો ભરડો ભારતમાં પણ મજબૂત બની રહ્યો હોય તેમ આજે મંગળવારે દેશભરમાં કુલ ૧૨૭૪ નવા કેસ મળી આવ્યા હતા, જેમાંથી ૪૬૬ મહારાષ્ટ્રથી આવ્યા છે તામિલનાડૂના ચેન્નઇમાં એક તમિલ ન્યૂઝ ચેનલના ૨૫ કર્મચારીઓ કોરોના વાયરસ સકારાત્મક હોવાનું જાણવા મળ્યું છે. પરીક્ષણ પરિણામો પછી, ચેનલે તેનો લાઇવ પ્રોગ્રામ મોકૂફ રાખવો પડ્યો છે.

દેશમાં કોરોના સંક્રમણની સંખ્યા હવે ૧૮,૭૮૬ પહોંચી છે અને કુલ ૫૯૯ લોકોના મોત થયા છે. દેશમાં સતત ત્રીજા દિવસે કોરોના વાઈરસના એક હજારથી વધુ કેસ સામે આવ્યા છે. એક દિવસ પહેલા કોરોના સંક્રમણના ૧૫૮૦ અને ૧૮ એપ્રિલે ૧૩૭૧ નવા દર્દી મળ્યા હતા.સોમવારે સૌથી વધારે ૪૬૬ નવા કેસ મુંબઈમાં મળ્યા હતા. અહીંયા સંક્રમિતોની સંથ્યા ૪૬૬૬ થઈ ગઈ છે. જ્યારે મૃતકોનો આંકડો ૨૩૨ છે, જે દેશમાં સૌથી વધારે છે. આ સાથે જ મહારાષ્ટ્ર સરકાર ૭૫ હજાર રેપિડ ટેસ્ટ કરશે

દેશમાં સૌથી સુરક્ષિત સ્થળોમાંનું એક રાષ્ટ્રપતિ ભવન પણ કોરોનોના સંકજામાં આવી ગયું છે. રાષ્ટ્રપતિ ભવનમાં કામ કરનારા એક સફાઈકર્મીની પુત્રવધુ કોરોના પોઝિટિવ આવી છે. તે પોતાના પરિવાર સાથે જ રાષ્ટ્રપતિ ભવનના કેમ્પસમાં રહેતી હતી. ત્યારબાદ કેમ્પસમાં રહેતા ૧૨૫ પરિવારોને હોમ ક્વૉરન્ટીન કરી દેવાયા છે.

સંક્રમિત મહિલાના સાસુની હાલમાં જ કોરોના વાયરસથી મોત થયુ છે. પીડિત મહિલાના પતિ અને પરિવારના અન્ય સભ્યો ઉપરાંત પડોશના બે અન્ય ઘરોમાં રહેતા કુલ ૧૧ લોકોને પણ હોમ ક્વૉરંટાઈનમાં રહેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. જ્યારે રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં કામ કરતા ૧૦૦થી વધુ સફાઈકર્મી, માળી તેમજ દેખરેખ કરતા અન્ય લોકો પણ આ દરમિયાન મહિલાના પતિના સંપર્કમાં આવ્યા હતા.આ બધાને સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યુ છે. જો કે મહિલાની દીકરીમાં પણ કોરોનાના હળવા લક્ષણો દેખાયા હતા પરંતુ તેનો ટેસ્ટ નેગેટીવ આવ્યો છે. આરોગ્ય મંત્રાલયના જરૂરી દિશા-નિર્દેશો મુજબ ૧૨૫ પરિવારોને આઈસોલેશનમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.દિલ્હી હવામાન વિભાગમાં એક કર્મચારીનું કોરોના સંક્રમણથી મોત થયું છે. તેમના સંપર્કમાં આવેલા ૧૦ લોકો પોઝિટિવ માલુમ પડ્યા છે. તો યુપીના રાયબરેલીમાં ૩૩ લોકો કોરોના પોઝિટિવ મળ્યા છે. આ લોકો જમાતના સંપર્કમાં હતા

રેપિડ ટેસ્ટ કીટમાં ગરબડ હોનાનો દાવો કરીને રાજસ્થાન સરકારે કોરોનાની તપાસ અટકાવી દેતા વિવાદ સર્જાયો છે. તો લોકસભા સચિવાલયમાં કામ કરતો એક કર્મચારી કોરોના પોઝિટિવ આવ્યો છે. તેને , ઈસ્ન હોસ્પિટલમાં દાખલ કરાયો છે. દરમ્યાનમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, તેમની સરકાર દિલ્હીના પત્રકારોના કોવિડ-૧૯ની તપાસ કરાવશે.

મધ્યપ્રદેશમાં કોરોનાના કારણે ઉજ્જૈનના નીલગંગા પોલીસ સ્ટેશનના પ્રભારી યશવંત પાલનું કોરોનાના કારણે મોત થયું છે. તે અંબર કોલોની કન્ટેનમેન્ટ વિસ્તારમાં ડ્યૂટી દરમિયાન કોરોના પોઝિટિવ થયા હતા. તેમની સારવાર ઈન્દોરના અરવિંદો હોસ્પિટલમાં ચાલી રહી હતી. આજે સવારે તેમનું મોત થયું છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૩૨ લોકોનાં મોત થયા છે. કોરોનાને કારણે મહારાષ્ટ્રમાં સૌથી વધુ વિનાશ જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કુલ ૪,૬૬૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. કોરોનાના આ કુલ કેસોમાં ૩,૮૬૨ કેસ સક્રિય છે અને ૫૭૨ લોકો સંપૂર્ણ રીતે સાજા થયા છે અથવા છૂટા થયા છે. આ રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૩૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

દિલ્હીમાં અત્યાર સુધીમાં ૪૭ લોકોનાં મોત નીપજયાં છે. રાજધાની દિલ્હીમાં પણ કોરોના ચેપનો મામલો વધી રહ્યો છે. રાજધાનીમાં કોરોના વાયરસના ૨૦૮૧ કેસોમાં અત્યાર સુધીમાં ૧૬૦૩ સક્રિય કેસ છે. જ્યારે કોવિડ -૧૯ રોગચાળાને કારણે ૪૭ લોકોનાં મોત નીપજ્યાં છે, ૪૩૧ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા છે.

લોકસભા સચિવાલયમાં હાઉસકીપિંગ કર્મચારીનો કોરોના અહેવાલ સકારાત્મક બન્યો ત્યારબાદ હંગામો મચી ગયો છે. એક અધિકારીએ કહ્યું કે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્ક ઇતિહાસની પણ તપાસ કરવામાં આવી રહી છે, આ સિવાય સંસદમાં કામ કરતા અન્ય કર્મચારીઓની પણ તપાસ કરવામાં આવી રહી છે. તે જ સમયે, ચેપગ્રસ્ત કર્મચારીના આખા પરિવારને અલગ રાખવામાં આવ્યા છે, તેમજ તબીબી ટીમ પણ તેમની નજર રાખી રહી છે.

પાક.વડાપ્રધાન ઈમરાન ખાનને મળનાર ફૈસલ ઈદ્દીનો રિપોર્ટ પોઝિટિવ

વિશ્વભરમાં ૨૪ લાખથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત: ૧.૭૦ લાખના મોત

ન્યૂયોર્ક,તા.૨૧

કોરોના વાઈરસના કારણે વિશ્વભરમાં ૨૪.૮૨ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૭૦ હજાર ૪૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. છ લાખ ૪૭ હજાર ૭૩૪ લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે.

અમેરિકામાં અત્યાર સુધીમાં ૭.૯૩ લાખ કેસ નોંધાય ચૂક્યા છે. ૪૨ હજાર ૫૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. અત્યાર સુધીમાં અહીં ૭૨ હજાર ૩૮૯ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૯૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૨૮ હજાર નવા કેસ નોંધાયા છે.

પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન ઉપર કોરોના વાઈરસના સંક્રમણનો ખરતો ઊભો થયો છે. ૧૫ એપ્રિલના રોજ ઈમરાન ખાનને મળનાર ફૈસલ ઈદ્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ફૈસલ ઈદ્દી વિશ્વભરમાં જાણીતી ઈદ્દી ફાઉન્ડેશનના પ્રમુખ અબ્દુલ સત્તાર ઈદ્દીનો પુત્ર છે. ઈમરાન ખાનને મળીને કોરોના સામેની લડાઈ માટે ફૈસલ ઈદ્દીએ ૧૦ મિલિયનનો ચેક આપ્યો હતો. પીએમ ઈમરાન ખાન સાથેની મુલાકાત પછી ઘરે પરત ફર્યા બાદ ફૈસલમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા.તેનો રિપોર્ટ પોઝિટિવ આવતા પાકિસ્તાનમાં ભારે ખળભળાટ મચ્યો છે. ઈમરાન ખાન પણ સેલ્ફ ક્લોરન્ટિન થઈ શકે છે. ઈમરાન ખાન ઉપરાંત પીએમ હાઉસ સ્ટાફ, સિંધ સીએમ, સીએમ હાઉસ સ્ટાફ અને તેના સંપર્કમાં આવેલા બિઝનેસમેનને પણ કોરોનાનો ખતરો ઊભો થયો છે, તમામ સેલ્ફ ક્વોરન્ટિન થવા ઉપરાંત ટેસ્ટ પણ કરાવી શકે છે.

ઓસ્ટ્રેલિયામાં શટડાઉન થવાથી અને બિઝનેસ બંધ કરવાથી ૭.૮૦ લાખ નોકરીઓ ગઈ

ઓસ્ટ્રેલિયામાં શટડાઉન થવાથી અને બિઝનેસ બંધ કરવાથી ૭.૮૦ લાખ લોકોની નોકરીઓ ગઈ છે.સરકારી આંકડા મુજબ ૧૪ માર્ચ અને ચાર એપ્રિલ વચ્ચે ઓસ્ટ્રેલિયામાં નોકરીઓમાં છ ટકાનો ઘટાડો થયો છે. વિક્ટોરિયા અને તસ્માનિયા રાજ્યમાં સૌથી વધારે નોકરીઓ ગઈ છે.

જેક મા ડબલ્યુએચઓને લાખો માસ્ક અને ટેસ્ટ કીટ આપશે

અલીબાબાના ફાઉન્ડર જેક મા જાહેરાત કરી છે કે તે વિશ્વ આરોગ્ય સંસ્થાને લાખો માસ્ક અને ટેસ્ટ કીટ ડોનેટ કરશે. ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વાઈબોના માધ્યમથી તેમણે કહ્યું કે તે ૧૦ કરોડ ક્લિનિકલ માસ્ક, ૧૦ લાખ એન-૯૫ માસ્ક અને ૧૦ લાખ ટેસ્ટ કીટ ડોનેટ કરશે. પોસ્ટ સાથે તેણે વન વર્લ્ડ, વન ફાઈટ પણ લખ્યું.

અમેરિકાના ન્યૂયોર્કમાં મૃત્યુઆંક ૧૯ હજારની નજીક

અમેરિકાનો સૌથી પ્રભાવિત રાજ્ય ન્યૂયોર્ક છે. અત્યાર સુધીમાં અહીં ૧૮ હજાર ૯૨૯ લોકોએ જીવ ગુમાવ્યો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ન્યૂયોર્ક રાજ્યમાં બે લાખ ૪૭ હજાર ૫૧૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. રવિવારે અહીં ૪૭૮ લોકોના અને શનિવારે ૫૦૭ લોકોના મોત થયા છે.

રાષ્ટ્રપતિ એસ્ટેટમાં પરિવાર સાથે રહેતી મહિલા કોરોના પોઝિટિવ

કોરોના વાયરસની રાષ્ટ્રપતિ ભવનમાં એન્ટ્રી: ૧૨૫ પરિવાર ક્વારેન્ટાઈન

ન્યુ દિલ્હી,તા.૨૧

કોરોના વાયરસની દસ્તક હવે રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચી ગઈ છે. પ્રેસિડન્ટ એસ્ટેટમાં પોતાના પરિવાર સાથે રહેતી એક મહિલા કોરોના પોઝિટીવ આવી છે ત્યારબાદથી આખા રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં હડકંપ મચી ગયો છે. તેનાથી મોટી ચિંતા એ વાતની છે કે મહિલાના પતિ રાષ્ટ્રપતિ ભવનમાં જ કામ કરનાર અંડર સેક્રેટરી લેવલના એક આઈએએસ અધિકારીની ઓફિસમાં કામ કરતા હતા. તેને જોતા આ અધિકારીએ પોતાને પણ ક્વારેન્ટાઈન કરી દીધા છે.

આ ખુલાસા બાદ કેમ્પસમાં રહેતા ૧૨૫ પરિવારોને હોમ ક્વારેન્ટાઈન કરાયા છે. કોરોના પોઝિટીવ આવેલા મહિલાને સારવાર માટે આરએમએલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે તેમના પતિ અને પરિવારના અન્ય સભ્યો સિવાય પાડોશના લોકોને પણ હોમ ક્વારેન્ટાઈનમાં રહેવાનો નિર્દેશ આપ્યો છે. કહેવાય છે કે રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં કામ કરનાર ૧૦૦થી વધુ સફાઈકર્મી, માળી અને દેખરેખ કરનાર બીજા લોકો પણ આ દરમ્યાન મહિલાના પતિના સંપર્કમાં આવ્યા હતા. આ બધાને સાવચેતી રાખવા માટે કહ્યું છે. આ કેસ સામે આવ્યા બાદ રાષ્ટ્રપતિ ભવનમાં વધુ સતર્કતા દાખવવામાં આવી રહી છે.

પ્રશાસનિક સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે પ્રેસિડન્ટ એસ્ટેટમાં રહેનાર જે મહિલામાં કોરોના પોઝિટીવ આવ્યો છે તેમની સાસુનું થોડાંક દિવસ પહેલાં કોરોનાના લીધે જ મોત થયું હતું. તેઓ બાડા હિન્દુરાવ વિસ્તારમાં રહેતા હતા. કહેવાય છે કે કોરોના પીડિત પોતાની સાસુના સંપર્કમાં આવવાથી જ મહિલા પણ કોરોનાની ઝપટમાં આવી ગયા. તબિયત ખરાબ થતા અને કોરોનાના લક્ષણ જોવા મળ્યા બાદ મહિલાનો ટેસ્ટ કરાયો અને જ્યારે રવિવાર રિપોર્ટ પોજિટીવ આવ્યો તો આખા પ્રેસિડન્ટ એસ્ટેટમાં આ સમાચાર આગની જેમ ફેલાઈ ગયા.

કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પનો નિર્ણય

અમેરિકામાં વિદેશીઓના પ્રવેશ પર લગાવી રોક

વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ સોમવારે એક મોટો નિર્ણય લેતાં અમેરિકામાં કોઈ પણ વિદેશીના પ્રવેશ પર અસ્થાઈ રીતે પ્રતિબંધ મૂકી દીધો છે. ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યું કે એક અદૃશ્ય દુશ્મનનો સામનો કરવા માટે, આપણા મહાન અમેરિકાના દેશવાસીઓની નોકરીઓની રક્ષા માટે, મેં એક એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરી છે જે મુજબ હાલ કોઈ પણ અન્ય દેશના નાગરિકને અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે.એક રિપોર્ટ મુજબ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે સોમવાર મોડી સાંજે આ એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરી દીધી છે, તે મુજબ જ્યાં સુધી કોરોના સંક્રમણના કેસ સામે આવતા રહેશે ત્યાં સુધી અસ્થાઈ રીતે હાલ ઈમિગ્રેશન બંધ રહેશે. ટ્રમ્પનું માનવું છે કે અમેરિકામાં કોરોના એરપોર્ટ્સના રસ્તે જ પહોંચ્યો છે એન હવે દેશની સ્વાસ્થ્ય અને અર્થવ્યવસ્થાને બચાવવા માટે હાલ દેશમાં કોઈ પણ અન્ય દેશના નાગરિકના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

ટ્રમ્પે ઈમિગ્રશન પર પ્રતિબધ લગાવીને અમેરિકાના સ્થાનિક નિવાસીઓની નોકરી બચાવવાનો દાવો કર્યો છે. ટ્રમ્પનો દાવો છે કે કોરોનાથી લડવા અને નોકરીઓ બચાવવા માટે તેઓએ આ પગલું ભર્યું છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી કે ઈમિગ્રેશન પર પ્રતિબંધ લગાવવા માટે નીતિ શું હશે કે પછી તે કેટલા સમય માટે હશે. જોકે, ટ્રમ્પના જણાવ્યા મુજબ, તે અસ્થાઈ છે અને સ્થિતિ સુધરતાં જ તેને પરત લેવામાં આવશે. વ્હાઇટ હાઉસે હાલ સ્પષ્ટ નથી કર્યું કે ક્રોસ બોર્ડર ઓપરેશન્સ અને જેમની પાસે ગ્રીન કાર્ડ છે તેમની પર આ આદેશની શું અરસ થવા જઈ રહી છે.

૧૪ મે કેદારનાથ અને ૧૫ મેથી ખુલશે બદ્રીનાથધામનાં કપાટ

દહેરાદૂન,તા.૨૧

ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિરના દરવાજા આ વખતે ૧૪ મેના રોજ ખોલવામાં આવશે. આ સાથે બદ્રીનાથ મંદિરના દરવાજા ૧૫ મેના રોજ સવારે ૪ વાગ્યે ખુલશે. ઉત્તરાખંડના સંસ્કૃતિ મંત્રી સતપાલ મહારાજે દેહરાદૂનમાં આની જાહેરાત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે ટિહરીના મહારાજાએ તેમને દેશની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બંને યાત્રાધામો ખોલવાના નિર્ણયની સૂચના તેમને આપી છે.ઈતિહાસમાં પહેલીવાર એવું થઈ રહ્યુ છેકે, કેદારનાથ અને બદ્રીનાથ મંદિરના દરવાજા મોડા ખોલવામાં આવશે. આ નિર્ણય કોરોનાવાયરસ અને લોકડાઉનની સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.આ પહેલાં કપાટ ખોલવાની તારીખ મહાશિવરાત્રીના પવિત્ર તહેવાર નક્કી કરવામાં આવી હતી. આ વખતે પણ મહાશિવરાત્રીના દિવસે બંને તીર્થસ્થાનોના દરવાજા ખોલવાની તારીખ નક્કી થવાની હતી. ઉલ્લેખનીય છે કે, કેદારનાથજીનાં ગાદી સ્થળ ઓમકારેશ્વર મંદિર, ઉખીમઠમાં કેદારનાથનાં રાવલ ભીમાશંકર શિવલિંગ, સ્થાનિક દસ્તૂરદાર અને વેદપાઠી ગણોની હાજરીમાં પંચાગ ગણતરી મુજબ મંદિરના કપાટ ખોલવાની પરંપરા રહી છે.

પંજાબમાં ૩ મે સુધી કર્ફ્યુમાં કોઈ છૂટછાટ નહિ: સરકારનો નિર્ણય

ચંડીગઢ,તા.૨૧

પંજાબ સરકારે રાજ્યમાં ૩ મે સુધી ઘઉંની પ્રાપ્તિ સિવાયની કોઈપણ સાર્વજનિક પ્રવૃત્તિ માટે સંચારબંધીમાં કોઈપણ છૂટછાટ આપવાનો સોમવારે ઈનકાર કર્યો હતો.

પંજાબના મુખ્ય પ્રધાન અમરીન્દર સિંહે ઉચ્ચ મુલકી અને પોલીસ અધિકારીઓ સાથે મળીને રાજ્યમાંની કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના રોગચાળાને લગતી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને તે પછી સંબંધિત જાહેરાત કરી હતી.પંજાબ સરકારે રાજ્યના ગ્રામીણ ક્ષેત્રમાંના ઉદ્યોગો, પુસ્તકોના વિક્રેતાઓ, ધાબા, ઍર-કન્ડિશનર્સ, કુલર્સ, પંખાના દુકાનદારો, રેતી અને કાંકરીઓ કાઢવાની પ્રવૃત્તિ તેમ જ પથ્થર તોડવાના કામમાં અપાયેલી છૂટછાટ પાછી ખેંચી છે.પંજાબના મુખ્ય પ્રધાન અમરીન્દર સિંહે જણાવ્યું હતું કે રાજ્યના બધા જિલ્લામાં લૉકડાઉનના સમયગાળા દરમિયાન રમજાન વખતે પણ છૂટછાટ નહિ અપાય.અગાઉ, કેન્દ્ર સરકારે ૨૦મી એપ્રિલથી કોરોના વાઈરસનો રોગચાળો ફેલાયો ન હોય એવા વિસ્તારોમાં, ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રમાં નિયમને આધીન રહીને અમુક આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા પરવાનગી આપી હતી.

તંત્રી સ્થાનેથી...

કોરોના સંકટને કારણે મંદી આવશે

વિશ્વ બૅંકે દક્ષિણ એશિયાના ભારત, નેપાળ, શ્રીલંકા, પાકિસ્તાન, ભૂતાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન જેવા આઠ દેશોમાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન આર્થિક વૃદ્ધિદર ૧.૮ ટકાથી ૨.૮ ટકા વચ્ચે રહેશે એવો અંદાજ મૂક્યો છે અને કહ્યું છે કે આ મંદી છેલ્લાં ૪૦ વરસનો રેકર્ડ તોડી નાખશે.વિશ્વ બૅંક તરફથી પ્રકાશિત અહેવાલમાં આ દેશોમાં વિકાસ અંગેના જે આંકડા પ્રથમ છ મહિના માટે અંદાજવામાં આવ્યા છે તે ૬.૩ ટકાના ગ્રોથ અંદાજથી ઘણા નીચા છે.ભારતની વાત કરીએ, તો તેનો આર્થિક વિકાસદર ૧.૫ ટકાથી ૨.૮ ટકા વચ્ચે રહેશે તેવો અંદાજ છે.વિશ્વ બૅંકે કહ્યું છે કે આ બધા દેશો કરતાં ભારતીય અર્થતંત્ર સૌથી વિશાળ છે અને ચાલુ નાણાકીય વર્ષમાં તેમાં ૧.૫ ટકાથી લઈ ૨.૮ ટકા વૃદ્ધિનો અંદાજ છે.જોકે વિશ્વ બૅંકે પહેલાં ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ૪.૮થી ૫ ટકા આર્થિક વિકાસદર રહેવાનો અંદાજ મૂક્યો હતો.વિશ્વ બૅંકના અહેવાલ મુજબ, આ દેશોમાં ૨૦૧૯ના અંત ભાગમાં આર્થિક રિકવરીના સંકેત મળ્યા હતા, પરંતુ કોરોના સંકટને કારણે ફરી પાછો વિકાસદર ઘટ્યો છે.કોરોના સંકટને લીધે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને માલદીવમાં મંદી આવશે, જ્યારે શ્રીલંકા, નેપાળ, ભૂતાન અને બાંગ્લાદેશનો આર્થિક વિકાસદર ઝડપથી ઘટી શકે છે.વિશ્વ બૅંકે આ અહેવાલ તમામ દેશોના ૭ એપ્રિલ સુધીના ડેટાને આધારે તૈયાર કર્યો છે.અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કોરોના સંકટને અટકાવવા માટે લૉકડાઉન અથવા કર્ફ્યુ જાહેર કરવામાં આવેલો છે તેના લીધે સમગ્ર સપ્લાય ચેઇનમાં ભંગાણ પડ્યું છે અને ઉદ્યોગો બંધ છે.અહેવાલ મુજબ, દક્ષિણ એશિયાના આ દેશોમાં કોરોના સંક્રમણના આશરે ૧૩ હજાર કેસ હતા, જે વિશ્વના અન્ય દેશોની તુલનામાં ખૂબજ ઓછા હોવા, એ એક જમા પાસું છે.વર્લ્ડ બૅંકના અહેવાલ મુજબ, દક્ષિણ એશિયાના દેશોમાં કરોડો લોકોએ પોતાનાં કામકાજ તથા રોજગારી ગુમાવી છે.લૉકડાઉનને પરિણામે નાના, મધ્યમ અને મોટા કારોબાર ઉપર ભારે અસર થઈ છે. એજ રીતે શહેરી મજૂરો શહેરો છોડી ગામડાંમાં ગયા છે.જો લૉકડાઉનને હજુ લંબાવવામાં આવશે, તો આ ક્ષેત્રમાં ભારે નુકસાન થશે.વિશ્વ બૅંકના અહેવાલ મુજબ, લૉકડાઉનની અસર ઓછી કરવા ઘણાં પગલાં ભરવામાં આવ્યા છે.ભારત સરકારે લૉકડાઉનની અસર ઓછી કરવા એક લાખ ૭૦ હજાર કરોડના રાહત પૅકેજની જાહેરાત કરી છે. જ્યારે પાકિસ્તાને અર્થતંત્રને સહાયતા આપવા માટે ૪૫ હજાર કરોડના રાહત પૅકેજની જાહેરાત કરી છે.રિપોર્ટમાં હર્વિઝ શેફર કેજે વિશ્વ બૅંકના વરિષ્ઠ અધિકારી છે તેમણે જણાવ્યું હતું કે દક્ષિણ એશિયાના દેશોએ વાઇરસના સંક્રમણને અટકાવવા હેલ્થ સુવિધાઓ સુદ્રઢ કરવી જોઈએ અને સાથે-સાથે ખાસ કરીને ગરીબ લોકોને આર્થિક સહાય કરવી જોઈએ.આ બધા દેશોએ લૉકડાઉન પ્રતિબંધોમાંથી મુક્ત થયા પછી નાણાકીય ક્ષેત્રે આવનાર તકલીફો દૂર કરવા વિસ્તૃત અને આક્રમક નાણાકીય નીતિ અપનાવી જોઈએ, જેથી અર્થવ્યવસ્થામાં તરલતા પુનઃસ્થાપિત થઈ શકે.દક્ષિણ એશિયાના ઘણા દેશોની નાણાકીય સ્થિતિ સારી ન હોવાથી આ દેશોએ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભાગીદારો સાથે સંકલન કરી નાણાં ભંડોળ મેળવવા પેરવી કરવી પડશે.કોરોનાનો સામનો કર્યા પછી, દક્ષિણ એશિયાના દેશોએ નાણાકીય સમજદારીથી કામ લેવું પડશે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૨/૦૪/૨૦૨૦, બુધવાર, ચૈત્ર વદ-અમાસ
સૂર્યોદય-૬-૨૩, સૂર્યાસ્ત-૭-૦૮, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મેષ (અ.લ.ઇ.), નક્ષત્રઃ રેવતી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૨૩ થી લાભ-અમૃત-૯-૩૪ સુધી, ૧૧-૧૦થી શુભ-૧૨-૪૫ સુધી, ૧૫-૫૭થી ચલ-લાભ-૧૯-૦૯ સુધી, ૨૦-૩૩ થી શુભ-અમૃત-ચલ-૨૪-૪૧ સુધી

- શુભ હોરા-
૬-૨૩ થી ૮-૩૦ સુધી, ૯-૩૪થી ૧૦-૩૮ સુધી, ૧૨-૪૫ થી ૧૫-૫૭ સુધી ૧૭-૦૧થી ૧૮-૦૫ સુધી

દૈનિક રાશીફળ

તા. ૨૨-૦૪-૨૦૨૦ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

વૃષભ (બ.વ.ઉ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.

મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.

કર્ક (ડ.હ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.

સિંહ (મ.ટ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.

કન્યા (પ.ઠ.ણ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

તુલા (ર.ત.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.

વૃશ્ચિક (ન.ય.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.

મકર (ખ.જ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.

કુંભ (ગ.શ.સ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.

મીન (દ.ચ.ઝ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય શ્રી રત્નાભાઈ વીરજીભાઈ ઠુંમરના અભિગમને બિરદાવ્યો

" બાપા, આ ઉંમરે પણ આપ આટલું શ્રેષ્ઠ કામ કરો છો... ખુબ ખુબ આભાર અને આપની તબિયતનું ધ્યાન રાખજો... હજી ઘણા વર્ષ જીવવાનું છે...' નરેન્દ્ર મોદી

ગુજરાતની પાવન ભૂમિએ અનેક મહાનુભવોને પેદા કર્યા છે. જેમાં શિરમોર સમાન ગાંધીજી, સરદાર પટેલ જેમને ભારતને ગુલામીમાંથી આઝાદી અપાવી હતી. આજે દેશ કોરોના સામે જંગ લડી રહ્યો છે ત્યારે વાત કરીએ છીએ જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય શ્રી રત્નાભાઇ ઠુંમર અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની.

વડાપ્રધાનશ્રી આટલી વ્યસ્તતા વચ્ચે પણ પ્રેરણારુપ કામ કરનાર લોકોની પીઠ થાબડવાનું ચૂકતા નથી...

વડા પ્રધાન શ્રી નરેંદ્રભાઈ મોદીએ આજે પૂર્વ ધારાસભ્ય શ્રી રત્નાભાઈ વીરજીભાઈ ઠુમરને પોતે ટેલિફોન કરીને કોરોનાની બીમારી સામેની લડાઈમાં પોતાનો નાંણાકીય સહયોગ આપવા રૂપિયા ૫૧,૦૦૦ નો ચેક મુખ્ય મંત્રી રાહત ફંડમાં આપવા બદલ હૃદયપૂર્વક અભિનંદન આપ્યા હતા. એટલું જ નહી પરંતુ તેમના આ અભિગમને બિરદાવતા જણાવ્યું હતું કે "આટ્લી જૈફ વય આપના જુસ્સાને હું બિરદાવું છું...આપના જેવા લોકોના કારણે જ આપણી સંસ્કાર પરંપરા ઉજળી બની છે એમ તેમણે ઉમેર્યું હતું..." શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી રત્નાભાઈની તબીયતની પૃચ્છા કરી તેમના દીર્ઘાયુની કામના કરતા જણાવ્યું હતું કે, " બાપા, આ ઉંમરે પણ આપ આટલું પ્રેરણારૂપ શ્રેષ્ઠ કામ કરો છો...આપને વંદન કરુ છુ... ખુબ ખુબ આભાર અને આપની તબિયતનું ધ્યાન રાખજો... હજી ઘણા વર્ષ જીવવાનું છે...'

શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ આ જ પ્રકારે રાજયમાં કે દેશમાં ક્યાંય પણ કોઈએ શ્રેષ્ઠ-અનુકરણીય કામ કર્યું હોય ત્યારે તેને પ્રોત્સાહન આપવાનું ક્યારેય ચૂકતા નહતા, તે પરંપરા આજે પણ તેમણે ચાલુ રાખી છે. વડાપ્રધાનના આવડા મોટા અને સર્વોચ્ચ હોદ્દા પર પહોંચ્યા પછી પણ સમગ્ર દેશમાં નાની-નાની પ્રેરણારૂપ ઘટના ઉપર તેમનું સતત ધ્યાન હોય છે વડાપ્રધાનપદની જવાબદારીની આટલી વ્યસ્તતા વચ્ચે સમય કાઢીને પણ શ્રી નરેંદ્રભાઈ, આ દેશના નિર્માણમાં યોગદાન આપનારા તથા પોતપોતાના ક્ષેત્રમાં વિશેષ યોગદાન આપીને રાષ્ટ્રસેવામાં જોડાયેલા સૌ મૂક સેવકોની સમયાંતરે પોતે જાતે જ ટેલિફોન કરીને તેમની તબિયતની પુચ્છા કરતા હોય છે અને આશીર્વાદ મેળવતા હોય છે. એટલું જ નહીં પરંતુ તેઓને પ્રોત્સાહન આપવાનું ક્યારેય ચૂકતા નથી... કદાચ આ જ બાબત અન્ય લોકોને કામ કરવાની પ્રેરણા પૂરી પાડે છે...

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢની કલેક્ટર કચેરીમાં પ્રવેશતા જ દરવાજે રહેલા ચોકીદારે દાદાના હાથમાં સેનીટાઇઝર આપતા પૂછયું, 'દાદા, કેટલા વરસ થયા ?' દાદાએ ધ્રુજતા અવાજે કહ્યું, 'ભાઈ ૯૯મું ચાલે છે'. ચોકીદારે પૂછ્યું , 'કોઈ મદદ લેવા આવ્યા છો ?' દાદાએ જુસ્સાભેર જવાબ આપતા કહ્યું કેપ'ના ભાઈ કોઈ મદદ લેવા નથી આવ્યો. આપણો દેશ અત્યારે ઉપાધિમાંથી પસાર થઈ રહ્યો છે એટલે મારી મરણમૂડી મુખ્યમંત્રી રાહતફંડમાં આપવા આવ્યો છું. મારી પાસે અંગત બચતની થોડી રકમ પડી હતી તેમાંથી ૫૧,૦૦૦ ચેક કલેક્ટર સાહેબને આપવા આવ્યો છું...'

શ્રી રત્નાભાઈ ઠુંમર ૯૯ વર્ષના છે તેઓ ૧૯૭૫ થી ૧૯૮૦ના સમયગાળા દરમિયાન ગુજરાત રાજયના ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. અત્યંત સાદગીપૂર્ણ જીવન જીવતા રત્નાબાપાએ ધારાસભ્ય તરીકે પોતાનો પગાર પણ નથી લીધો અને પેન્શન પણ નથી લીધું. ધારાસભ્ય હતા ત્યારે પણ સરકારી બસમાં જ સામાન્ય મુસાફર તરીકે મુસાફરી કરી છે. ભારતમાં જ્યારે અનાજની તંગી હતી ત્યારે તત્કાલીન વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ ભારતના લોકોને અઠવાડિયામાં એક દિવસ એક ટંકનું ભોજન છોડવા માટે કરેલી અપીલના પગલે રત્નાબાપાએ ત્યારથી દર સોમવારે એક ટંક જમવાનું છોડી દીધું છે જે નિયમ ૯૯ વર્ષની જૈફ વયે તૂટવા નથી દીધો....

ભારત મહાન છે કારણકે ભારત પાસે રત્નાબાપા જેવા મુઠ્ઠી ઊંચેરા માણસો અને તેમને બિરદાવવા વડાપ્રધાન પદે બેઠેલા શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા સપૂતો પણ છે. આ કોરોના સામેની જંગ ભારત જરૂર જીતશે કારણ કે ભારતમાં હજૂ માનવતા અને દેશપ્રેમ જીવે છે. ભારતની આ જંગના સિપાઇ બનો. ઘરમાં રહો સુરક્ષિત રહો.

મંગળવારે વધુ ૧૨૭ કેસ પોઝિટિવ આવ્યા,છના મૃત્યુ સાથે મૃત્યુઆંક ૭૭એ પહોંચ્યો

ગુજરાતમાં કોરોનાનો કહેર: પોઝિટિવ કેસો ૨૦૦૦ને પાર

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં કોરોનાનો કહેર સતત વધતો જઈ રહ્યો છે. કોરોનાના કુલ કેસોનો આંકડો ૨૦૦૦ ને પા પહોંચી જતા ચિંતામાં વધારો થયો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૦૬૬ જેટલા કેસ નોંધાયા છે. તાજેતરના આંકડાઓની વાત કરીએ તો ગુજરાતમાં આજે વધુ ૧૨૭ જેટલા કેસો નોંધાયા છે. અમદાવાદમાં કુલ ૫૦ જેટલા કેસો નોંધાયા છે. ગુજરાત રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતી રવીએ આજે પત્રકાર પરિષદમાં ગુજરાતમાં કોરોનાની સ્થિતિ અંગે માહિતી આપી હતી. રાજયમાં આજે કુલ ૬ લોકોના અવસાન થયા છે તેની સાથે જ રાજયમાં મૃત્યુઆંક ૭૭એ પહોંચ્યો છે. સુરતમાં ૬૯, અરવલ્લી, ખેડા અને ગીરમાં એક એક કેસ, રાજકોટમાં ૨ વલસાડમાં ૨, તાપીમાં ૧ કેસ નોંધાયો છે. ૧૯ લોકો વેન્ટિલેટર ઉપર છે.

ગુજરાતમાં ડાંગ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, અમરેલી સહિત ગુજરાતના પાંચ જિલ્લાઓ કોરોના મુક્ત રહ્યાં છે.

અમદાવાદની વાત કરવામાં આવે તો અહીંયા કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. અમદાવાદના ઘાટલોડિયા, દુધેશ્વર, જમાલપુર, જુહાપુરા, શાહીબાગ, બહેરામપુરા, મણિનગર, રાયપુર, હાથીજણ, નારણપુરા, મેમનગર, દાણીલીમડામાં કેસો નોંધાયા છે.

રાજ્યમાં ૧૨૭ નવા કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ સુરતમાં છે. સુરતમાં ૬૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત અમદાવાદમાં ૫૦, રાજકોટમાં ૨, અરવલ્લી, ગીર-સોમનાથ, તાપી અને ખેડામાં ૧-૧વલસાડમાં ૨ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીની સંખ્યા ૨૦૬૬ થઇ છે. રાજ્યમાં વધુ ૬ના મોત થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કુલ ૧૮૪ કેસો નોંધાયા છે. અમદાવાદમાં ૧૫૨ કેસો નોંધાયા હતા. ગઈકાલ સુધી ગુજરાતમાં ૧૯૩૯ કેસ નોંધાયા હતા. જ્યારે અમદાવાદમાં ૧૨૪૮ કેસ નોંધાયા છે. સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ કેસો સાથે અમદાવાદ મોખરે છે. બીજા નંબરે ૨૬૯ કેસો સાથે સુરત છે અને ત્રીજા નંબરે ૧૮૮ કેસો વડોદરામાં નોંધાયા છે. આ આંકડા ગઈકાલ એટલે કે સોમવાર રાત સુધીના છે.

આજે નવા ૧૨૭ કેસમાંથી અમદાવાદ ૫૦, સુરતમાં ૬૯, અરવલ્લી ૧, ગીર સોમનાથ ૧, ખેડા ૧, રાજકોટ ૨, તાપી ૧ અને વલસાડમાં ૨ કેસ નોંધાયો છે. અમદાવાદમાં આજે નવા ૫૦ કેસ ઘાટલોડિયા, દૂધેશ્વર, દરિયાપુર, ચાંદખેડા, જમાલપુર, રાયખડ, જુહાપુરા, શાહીબાગ, બહેરામપુરા, મણીનગર, હાથીજણ, વસ્ત્રાલ, મેમનગર, નારણપુરા, દાણીલીમડા, ગીતામંદિરમાં નોંધાયા છે.

નોકરી માટે મહિલાઓને દિવસ દરમિયાન જ ફરજ પર બોલાવવાની રહેશેઃ સરકાર

અમદાવાદ,તા.૨૧

ગુજરાત સરકારે ૨૦ એપ્રિલથી કેટલાક વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો શરૂ કરવાની મંજૂરી આપતાં રાજ્યમાં ઔદ્યોદિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે. ગુજરાત સરકારે ઔદ્યોગિક એકમોમાં કામ કરતી મહિલાઓ માટે ખાસ જાહેરાત કરી છે. આ ઉદ્યોગ એકમોમાં સાંજે ૭થી સવારે ૬ સુધી એટલે કે રાત્રિના સમય દરમિયાન કોઇ મહિલા કામદાર કે કર્મચારીને ફરજ માટે બોલાવી શકાશે નહીં. મહિલાઓને દિવસ દરમિયાન જ ફરજ પર બોલાવવાની રહેશે. ગુજરાત સરકારે જે વિસ્તારોમાં ૨૦ એપ્રિલથી ઉદ્યોગો-એકમો કાર્યરત થવાના છે ત્યાં મહત્તમ ૧૨ કલાકની શિફ્ટ રાખવાની છૂટ આપી છે. હાલમાં કામદારોની અછત છે ત્યારે ઔદ્યોગિક એકમો માટે આ નિર્ણય અત્યંત આશિર્વાદરૂપ સાબિત થશે. આ નિયમમા મહિલાઓને છૂટ અપાઈ છે. મહિલાઓ પાસે ૧૨ કલાકની શિફ્ટ નહી કરી શકાય.

આ ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરનારા કામદારોને વધારે પગાર આપવો પડશે. આ કામદારોને હાલમા મળી રહેલા વેતનમાં વધારાના કલાકોના પ્રમાણમાં વધારો આપવાનો રહેશે તેમ ગુજરાત સરકારે જણાવ્યું છે. આ જાહેરાત કરતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિમાં છૂટછાટ આપીને કેટલાક વિસ્તારોમાં ૨૦ એપ્રિલથી ઉદ્યોગો-એકમો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે પણ આ ઉદ્યોગો-એકમો માત્ર નગરપાલિકા-મહાનગર પાલિકાની હદ સિવાયના બહારના વિસ્તારોમાં જ શરૂ કરી શકાશે.તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રીના દિશાનિર્દેશો અનુસાર ગુજરાતના શ્રમ રોજગાર વિભાગે એવી સ્પષ્ટ સૂચના આપી છે કે, જે વિસ્તારોમાં ૨૦ એપ્રિલથી ઉદ્યોગો-એકમો કાર્યરત થશે મહત્તમ ૧૨ કલાકની શિફ્ટ રાખી શકાશે પણ આ ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરનારા કામદારોને વેતનમાં પણ સપ્રમાણ વધારો આપવાનો રહેશે. આ ઉપરાંત કામના ૬ કલાક પૂરા થાય ત્યારે શ્રમિક-કર્મચારીને ૩૦ મિનિટનો વિરામ આપવો પડશે.

ગુજરાતના વધુ ત્રણ જીલ્લાઓ સાથે કુલ ૨૮ જીલ્લાઓ કોરોનાગ્રસ્ત

વલસાડ, તાપી અને નવસારીમાં કોરોનાએ એન્ટ્રી કરી છે, રાજ્યના ૫ જીલ્લા કોરોના મુક્ત

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં વધુ ત્રણ જિલ્લામાં કોરોના વાયરસની એન્ટ્રી થઈ છે. રાજયના તાપી, વલસાડ અને નવસારી જિલ્લામાં કોરોના વાયરસના પ્રથમ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. તાપી જિલ્લાના વ્યારા તાલુકાની માયપુર ગામની મહિલાને કોરોના પોઝિટિવ આવ્યો છે. જ્યારે વલસાડના ઉમરગામમાં પહેલા કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યો છે. તેમજ નવસારીના જલાલપોર તાલુકાના હાંસાપોરમાં કોરોનાનો પહેલો કેસ સામે આવ્યો છે. આમ, વધુ ત્રણ જિલ્લામાં કોરોનાની એન્ટ્રી થતાં ગુજરાતના ૨૮ જિલ્લા કોરોનાગ્રસ્ત થયા છે. હવે ફક્ત પાંચ જિલ્લા જ કોરોના મુક્ત રહ્યા છે. નવસારીની વાત કરીએ તો હાંસાપોર ગામના ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોરોના પોઝિટિવ વ્યક્તિ સુરતના કોરાનાગ્રસ્ત યુવકના સંપર્કમાં આવ્યો હતો. ઓખાથી બસમાં નવસારી આવતા સુરતના પોઝિટિવ વ્યક્તિ સાથે સંપર્કમાં આવવાથી ચેપ લાગ્યો છે. પ્રથમ કેસ આવતા આયોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.

વલસાડની વાત કરીએ તો ઉમરગામ તાલુકાના દેહરીના માંગેલવાડના ૩૦ વર્ષના યુવાનનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહીં હોવા છતાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વાપીની જનસેવા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો છે. તાપીની વાત કરીએ તો મહિલાની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી નથી. તાપી જિલ્લામાં પ્રથમ કોરોના પોઝિટિવ કેસ આવતા વહીવટી તંત્ર તોડતું થયું છે. આ પછી આજે વલસાડના ડુંગરી પોલીસના જીઆરડી જવાનને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા વલસાડનું તંત્ર દોડતું થયું છે. જીઆરડી જવાનના સંપર્કમાં આવેલ તમામને વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખાસેડવામાં આવ્યા છે.અમદાવાદમાં અત્યાર સુધીમાં જે ૩૪ મૃત્યુ થયા જેમાં ૨૫ મોત હોટસ્પોટ વિસ્તારમાંથી છે. અમદાવાદમાં રાયખડ, જીવરાજપાર્ક, બહેરામપુર, ખોખરા, વસ્ત્રાલ, વાસણા, જમાલપુરના કેસ નોંધાયા છે. અમદાવાદમાં કર્ફ્યૂ વિસ્તારમાં સૌથી વધુ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. આરોગ્ય સચિવ જયંતી રવીએ જણાવ્યું હતું, કે કોરોના વાયરસના આંકડાથી ડરવાની જરૂર નથી માત્ર સતર્કતા રાખવી જરૂરી છે. કોરોના વાયરસની સૌથી વધુ ગંભીર સ્થિતિ અમદાવાદની છે. અમદાવાદ શહેરમાં ૧૨૪૮ કેસ સંક્રમિત છે. જોકે, અમદાવાદમાં કોરોના વાયરસના કેસ પોઝિટિવ આવવાનું એક કારણ એગ્રેસિવ ટેસ્ટિંગ છે. શહેરમાં કોરોનાના કારણે ૩૮ દર્દીના મોત થયા છે. અમદાવાદ ઉપરાંત વડોદરામાં ૧૮૮, સુરતમાં ૨૬૯, રાજકોટમાં ૩૮, ભાવનગરમાં ૩૨, આણંદમાં ૨૮, ભરૂચમાં ૨૩, ગાંધીનગરમાં ૧૭, પાટણમાં ૧૫, પંચમહાલમાં ૧૧, બનાસકાંઠામાં ૧૦, નર્મદામાં ૧૨ કેસે નોંધાયા છે.

અમદાવાદમાં ૫૦ પોઝિટિવ સાથે કુલ આંકડો ૧૨૯૮એ પહોંચ્યો

લોકોનો સાથ મળે તો મે મહિના સુધીમાં કોરોના પર કાબૂ મેળવી શકાશેઃ વિજય નેહરા

અમદાવાદ,તા.૨૧

છેલ્લા ૧૨ કલાક દરમિયાન રાજયમાં કોરોનાને લઈને નવા ૧૨૭ કેસ નોધાયા છે, જયારે અમદાવાદમાં ૫૦ કેસો નોંધાયા હતા. ત્રણ મહિલા અને બે પુરૂષ સહિત પાંચના મોત થયા છે. આ સાથે જ શહેરમાં કુલ ૧૨૯૮ દર્દી થયા છે અને મૃત્યુઆંક ૪૩એ પહોંચ્યો છે. આ સાથે જ ગુજરાતમાં હવે ૨૦૬૬ કેસ નોંધાયા હતા. જયારે અમદાવાદમાં ૧૨૯૮ કેસ નોંધ્યા છે. સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ કેસો સાથે અમદાવાદ મોખરે છે. ત્યારે અમદાવાદ મ્યુ. કમિશનર વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં મોટું નિવેદન આપ્યું હતું. આજરોજ શહેરમાં કેટલાક નવા વિસ્તારોમાં કોરોના પોઝિટિવના દર્દીઓ જોવા મળ્યાં છે. આજે જે પોઝિટિવ કેસ સામે આવ્યાં છે તે જમાલપુર, જુહાપુરા, મણીનગર, શાહીબાગ, વસ્ત્રાલ, ઘાટલોડિયા, ચાંદખેડા, બહેરામપુરા, હાથીજણ, નારણપુરા, મેમનગર વિસ્તારમાંથી આવ્યાં છે.

અમદાવાદ મ્યુ. કમિશનર વિજય નહેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ જે રીતે કોરોના વાયરસના દર્દીઓ નોંધાઈ રહ્યા છે તે ચિંતાનો વિષય છે, તેમ છતાં મે મહિનામાં કોરોના પર કાબૂ મેળવી શકાશે. શહેરના આજે મધ્ય ઝોનમાં ૧૮ કેસ, દક્ષિણ ઝોનમાં ૧૫ કેસ નોંધાયા છે, જ્યારે દક્ષિણ – પશ્ચિમ ઝોનમાં ૨ કેસ નોંધાયા છે. આ સિવાય ગુજરાતમાં કોરોના દર્દીઓમાં પ્લાઝમાં ટ્રાન્સમિશન માટે મંજૂરી માંગવામાં આવી હતી. તેને મંજૂરી મળી ગઈ છે અને કોરોનાના પ્રથમ દર્દીને પ્લાઝમા ટ્રાન્સમિશન અપાયું છે હવે તેનું પરિણામ શું આવે છે તે આવનાર સમય બતાવશે. તેમણે ઉમેર્યું હતું કે, દેશનું પ્રથમ સ્ટડી સેન્ટર SVPમાં ટ્રાન્સમિશન કરવામાં આવ્યું છે. પ્લાઝમા ટ્રાન્સમિશન થયેલા દર્દીની હાલત હાલ સ્ટેબલ છે. અમેઁઝઈ સાથે ચર્ચા કરી ઔપચારિક્તા પૂર્ણ કરી છે.રાજયમાં સૌપ્રથમવાર કોરોનાના દર્દીની સિઝેરિયન દ્વારા ડિલવરી કરવામાં આવી છે. જ્યારે દેશમાં આ સાતમો કિસ્સો છે. દેશનું પ્રથમ પ્લાઝમા સ્ટડી સેન્ટર SVPમાં શરૂ કરવામાં આવ્યું છે. ગઈકાલથી આજ સુધીમાં ૧૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે અને હવે ૫૧ દર્દી સાજા થયા છે. આજે વધુ એક દર્દીમાં પ્લાઝમાં ટ્રાન્સમિશન કરવામાં આવશે. તેમજ કોરોનાના દર્દી માટે જીફઁની ક્ષમતા ૫૦૦થી વધારી ૧૦૦૦ કરી છે. જીફઁમાં ૫૦૦ બેડની વ્યવસ્થા કરાઈ છે. કોઈને ચિંતા કરવાની જરૂર નથી.



સમગ્ર દેશમાં કોરોના વાયરસના કારણે લોક ડાઉન કરવામાં આવ્યું હતું. તે પછી લાંબા સમયે ગાંધીનગર જિલ્લામાં બે દિવસથી સરકારી કચેરીઓની કામગીરીનો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લા કક્ષાની વિવિધ કચેરીઓ અને બિલ્ડીંગમાં કર્મયોગીઓના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સેનિટાઈઝ કરવાની કામગીરી ચાલી રહી છે. ગાંધીનગરના સેકટર-૧૧માં આવેલી જિલ્લા કક્ષાની કચેરીઓના સહયોગ સંકુલમાં સેનિટાઈઝર કરવાની કામગીરી કરવામાં આવી હતી. તે સમયની ઝલક

USAમાં વડોદરાના ડોક્ટર દંપતીને કોરોના પીડિતથી ચેપ લાગ્યો

એલોપેથી-ઘરગથ્થુ ઉપચારથી સાજા થઈ ફરી દર્દીઓની સેવામાં લાગ્યો

વડોદરા.

એક ગુજરાતી તરીકે આપણે ગૌરવ અપાવે તેવી ઘટના અમેરિકાના ન્યૂયોર્કમાં બની છે. અમેરિકાના ન્યૂયોર્કની જાણીતી બુકલિન હોસ્પિટલમાં કોવિન-૧૯ના દર્દીઓની સારવાર કરી રહેલુ વડોદરાનું યુવાન ડોક્ટર દંપતી કોરોના વાઈરસનો ભોગ બન્યું હતું. એલોપેથી, ઘરગથ્થુ ઉપચાર અને વિશેષ સાવચેતી રાખ્યા બાદ સ્વસ્થ થયેલુ દંપતી ફરીથી દર્દીઓની સેવામાં લાગી ગયું છે. દંપતીએ પોતાના અનુભવના આધારે જણાવ્યું છે કે, કોરોના વાઈરસથી ગભરાવાની જરૂર નથી. માત્ર સાવચેતી રાખવાની જરૂર છે. સાવચેતી એકમાત્ર કોરોના વાઈરસને મ્હાત આપી શકે છે.

ડો. સિદ્ધાર્થ ભેંસાણીયાએ કહ્યું: અમે રોજ ૪૦ દર્દીઓને તપાસીને તેમની સારવાર કરતા હતા

અમેરિકાના ન્યૂયોર્કની જાણીતી હોસ્પિટલમાં ફરજ બજાવી રહેલા ડો. સિદ્ધાર્થ ભેંસાણીયા અને પુત્રવધુ ડો. જાનકી ભેંસાણીયા વડોદરાના જાણીતા ઇ એન્ડટી સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર આર.બી. ભેંસાણીયા અને ગરબા ગાયક ફાલ્ગુની ભેંસાણીયાના પુત્ર અને પુત્રવધૂ છે. એક વીડિયો સંદેશમાં પોતાને થયેલા કોરોના વાઈરસની અંગે વર્ણવતા ડો. સિદ્ધાર્થ ભેંસાણીયાએ જણાવ્યું હતું કે, આ ઉપદ્રવની શરૂઆતથી જ અમે રોજે રોજ ક્યારેક ૧૦,૧૫,૨૦,૩૦થી લઈને ૪૦ સુધી દર્દીઓ તપાસતા હતા અન તેમનનું નિદાન અને સારવાર કરતા હતા. ન્યૂયોર્કમાં પરિસ્થિતિ એટલી બધી સારી નથી.

ડોક્ટર દંપતીએ કહ્યું: લોકોની સારવાર કરતા કરતા અમે જાતે કોરોનાના દર્દી બની ગયા

ડોક્ટર દંપતીએ જણાવ્યું હતું કે, અમને કોરોના વાઈરસ શંકાસ્પદ અને કોરોના પીડિતોની સારવાર સેવા કરતા કરતા ગળામાં ખરાશ, તાવ, ઉધરસ, ખાંસી, શરદી જેવા લક્ષણો જણાયા હતા. ચક્કર આવવા અને અશક્તિ લાગવી, શ્વાસ ચઢવો જેવી મુશ્કેલીઓ અનુભવાઈ. એટલે સેમ્પલ ચકાસણી કરાવતા કોરોના પોઝિટિવ આવ્યો. અને અમે લોકોની સારવાર કરતા કરતા જાતે દર્દી બની ગયા હતા.

એન્ટીબાયોટીક્સ અને ભારતીય પરંપરાના આ સમન્વનું સારું પરિણામ મળ્યું

કોરોના વાઈરસ થાય તો જરાય ગભરાશો નહી એવી સલાહ આપતાં ડો. સિદ્ધાર્થ જણાવે છે કે, અમે ધીરજપૂર્વક અને સકારાત્મક માનસિકતા અને પ્રભુમાં શ્રદ્ધા રાખી સારવાર લીધી. અમે એલોપેથિક દવાઓની સાથે આપણા વારસાગત ભારતીય ઔષધીય પદાર્થોનું સેવન કર્યું. લીબુ, તાજા સંતરાનો રસ, આદુ અને ફુદીના વાળી ગરમ ચા, ગરમ પાણી વગેરેનું સારા એવા પ્રમાણમાં સેવન કર્યું. એલોપેથિક હાઈડ્રોક્સી ક્લોરોકવિન સહિતના એન્ટીબાયોટીક્સ અને ભારતીય પરંપરાના આ સમન્વનું સારું પરિણામ મળ્યું. બે દિવસ સંપૂર્ણ આરામ લીધો. ક્વોરન્ટીનનું પાલન કર્યું. આ બધાના પરિણામે ક્રમશ તબિયત સુધરી અને આજે તો અમે ફરીથી કોરોના નિદાન અને સારવારમાં લાગી ગયા છીએ.

કોરોના થાય તો સાજા થવા માટે સાવચેતી અને તકેદારીઓ પાળવી એ શ્રેષ્ઠ ઉપાય

ડો. સિદ્ધાર્થનું કહેવું છે કે, કોરોના વાઈરસથી મુક્ત રહેવા માટે અને કોરોના થાય તો સાજા થવા માટે સાવચેતી અને તકેદારીઓ પાળવી એ શ્રેષ્ઠ ઉપાય છે. આપણી કહેવતમાં પણ કહ્યું છે કે ચેતતા નર સદા સુખી. એટલે લોકડાઉન પાળી ઘર બંધી, તબીબી સારવારની સાથે કુદરતી દેશી ઉપચારો કરવાથી, તમામ પ્રકારની સાવચેતી રાખવાથી કોરોનાથી બચવું અને કોરોનામાંથી ઉગરવું અઘરું નથી. તેમની એ પણ સલાહ છે કે, હાલના સમયમાં અનિવાર્ય કારણોસર ઘરની બહાર જવું પડે તો આવીને તુરંત તમામ કપડાં પલાળી દો, ધોઈ નાંખો અને સ્નાન કરો.આ તકેદારી ખૂબ જ અનિવાર્ય છે

ફ્રાંસમાં કોરોના વાયરસથી ૨૦ હજારના મોત: મૃત્યુઆંકમાં ચોથા નંબરે

પેરિસ,તા.૨૧

કોરોના વાયરસનો પ્રકોપ સમગ્ર દુનિયામાં સતત વધી રહ્યો છે. દુનિયાભરમાં સંક્રમણના કારણે ૧.૬૬ લાખ કરતાં વધારે લોકોના મોત થઈ ચૂક્યા છે. હવે ફ્રાંસમાં પણ કોરોનાનાં કારણે મૃત્યુ પામનારનો આંકડો સોમવારે ૨૦ હજારને પાર પહોંચી ગયો હતો.ફ્રાંસમાં સોમવારે કોરોના વાયરસના સંક્રમણના કારણે ૫૪૭ લોકોના મોત થયા હતા. આ સાથે જ ફ્રાંસે જાહેરાત કરી હતી કે, દેશભરમાં આ વાયરસના કારણે ૨૦ હજાર કરતાં વધારે લોકોના મોત થયા છે. મુખ્ય સ્વાસ્થ્ય અધિકારી જેરોમ સાલોમોને તેમ પણ કહ્યું કે, દેશમાં અત્યારસુધીમાં કોવિડ ૧૯ના ૨૦,૨૬૫ દર્દીઓના મોત થયા છે.અમેરિકા, ઈટાલી અને સ્પેન બાદ ફ્રાંસ ચોથો એવો દેશ છે જયાં કોરોનાનાં સંક્રમણના કારણે ૨૦ હજારથી વધુ દર્દીઓના મોત થયા છે. દુનિયામાં અમેરિકા જીવલેણ બીમારીથી સૌથી વધારે પ્રભાવિત છે, જયાં દર્દીઓનો મૃત્યુઆંક ૪૦,૬૮૩ છે. ઈટાલીમાં ૨૩,૬૬૦ તો સ્પેનમાં ૨૦,૮૫૨ લોકોના મોત થયા છે.યૂરોપમાં કોરોના વાયરસ જબરદસ્ત કહેર વરસાવી રહ્યો છે.

કિમ જોંગને બ્રેન ડેડ હોવાનો યુએસ રિપોર્ટમાં દાવો

જીવન સંકટમાં: ઉ.કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનની હાર્ટ સર્જરી નિષ્ફળ

સોલ,તા.૨૧

ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉન ગંભીર રીતે બીમાર થઈ ગયા છે અને હાલ તેઓ જીવન અને મોત વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, કાર્ડીઓવૈસ્ક્યુલરને કારણે તેમની સારવાર ચાલી રહી છે. અમેરિકાની મીડિયાના રિપોર્ટ્સ મુજબ, સર્જરી બાદ કિમ જોંગ ઉનની તબિયત વધારે બગડી ગઈ છે. અમેરિકાના એક અધિકારીએ જણાવ્યુ કે, કિમ જોઉનનું જીવન જોખમમાં છે. રિપોર્ટ મુજબ, કિમ જોંગ ઉનની તબિયત ગયા કેટલાક માસથી ખરાબ છે. કિમ ખૂબ જ સ્મોકિંગ કરે છે. કિમ છેલ્લે ૧૧ એપ્રિલે જોવા મળ્યા હતા. એટલું જ નહીં, કિમ જોંગ તેમના દાદાના જીન્મદિવસ પર આયોજીત કાર્યક્રમમાં પણ હાજર રહ્યા નહતા. જણાવવામાં આવી રહ્યું છે કે, હાલ એક વિલામાં તેમની સારવાર ચાલી રહી છે. રિપોર્ટમાં તેમનું બ્રેન ડેડ હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. જો કે અમેરિકાના અધિકારીએ કિમને બ્રેન ડેડ થયું હોવાના એહવાલ પર કોઈ ટિપ્પણી કરી નથી. ઉત્તર કોરિયાના મામલાના નિષ્ણાંત બ્રૂસ ક્લીંગરે જણાવ્યું કે, ગયા કેટલાક સમયથી કિમના સ્વાસ્થ્યને લઈને ઘણી અફવાઓ ફેલી રહી છે. અગાઉ કિમ જોંગ ઉન અને તેમના પિતા અંગે કેટલાક ફેક ન્યૂઝ સામે આવ્યા છે. આપણે હજુ રાહ જોવી જોઈએ. અગાઉ વર્ષ ૨૦૦૮માં કિમ જોંગ ઉનનાપિતા કિમ જોંગ દ્વિતીયના ઉત્તર કોરિયાના ૬૦ વર્ષ પૂર્ણ થવા મામલે આયોજીત કાર્યક્રમમાં સામેલ થયા નહતા તો અટકળો વધી ગઇ હતી. બાદમાં જાણ થઈ હતી કે તેમને હાર્ટ એટેક આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં તેમનું મૃત્યું થઈ ગયું હતું.

ગાંધીનગર જિલ્લામાંથી મુખ્ય મંત્રી રાહતફંડનિધિમાં અત્યાર સુધીમાં

વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકો તરફથી ૧૧ લાખ રૂપિયાથી વધુનું દાન

ગાંધીનગર: મંગળવાર

ગાંધીનગર જિલ્લાની વિવિધ ધાર્મિક, સામાજિક, સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા રાજયના મુખ્ય મંત્રીશ્રી રાહતફંડ નિધિ માટે તા. ૨૦મી એપ્રિલ સુધીમાં કુલ- ૧૧ લાખ રૂપિયાથી વધુનું દાન આવ્યું છે.

રાજયના સંવેદનશીલ મુખ્ય મંત્રીશ્રી દ્વારા કોરોના સામે લડવા માટે રાજયની સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકોને મુખ્યમંત્રી રાહતફંડ નિધિમાં દાન આપવા માટે અપીલ કરી હતી. આ અપીલને સમર્થન આપીને ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ આ દાન માટે હાંકલ નાખી હતી. જેની ફલશ્રૂતિ રૂપે ગાંધીનગરની વિવિધ ધાર્મિક, સામાજિક અને અન્ય સેવાભાવી સંસ્થાઓ અને નાગિરકોએ સ્વયંમૂ રીતે ગાંધીનગર કલેકટરશ્રીને ચેક અર્પણ કર્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૨ માર્ચ થી ૨૦મી એપ્રિલ, ૨૦૨૦ સધુીમાં કુલ – ૧૧,૦૯,૧૧૯ રૂપિયાની રકમ કોરોના સામેની લડાઈ માટે રાજયના મુખ્યમંત્રીશ્રી રાહતફંડ નિધીમાં આવ્યા છે. જેમાં જામળા ગામના શ્રી આશુદેવ મહાદેવ ટ્રસ્ટ થકી રૂ. ૧ લાખ, શ્રી સુરેશકુમાર પ્રજાપતિ દ્વારા રૂપિયા ૧ લાખ, નિવૃત્ત કર્મચારી શ્રી નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ રાવલ દ્વારા રૂ. ૧ લાખ, શ્રી ગોવિંદભાઇ પૂંજાભાઇ પ્રજાપતિ દ્વારા ૫૧ હજાર, ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લિમિટેડ દ્વારા ૭૧ હજાર, ધી ઉનાવાગૃપ તેલેબિયા ઉત્પાદક સહકારી મંડળી લિ. દ્વારા ૧૧ હજાર, શ્રી રમેશચંદ્ર એમ. ભટ્ટ દ્વારા ૫ હજાર, શ્રી ભરતભાઇ આર મહેતા (મંત્રીશ્રી શ્વે.જૈન.સંઘ, ગાંધીનગર) દ્વારા ૧,૦૮,૦૦૦ /- રૂપિયા, શ્રી મેહુલ સતિષભાઇ પટેલ ૧૧ હજાર, શ્રી ઓન.સેક્રેટરી ગાંધીનગર ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોશિએશન દ્વારા ૫૧ હજાર, શ્રી શૈલષભાઇ શાહ દ્વારા ૧૦૦૮/- રૂપિયા, શ્રી પ્રતિક ભરતભાઇ પંડયા દ્વારા ૨૫ હજાર, ધી ચરાડા નાગરિક સહકારી બેંક લિ. દ્વારા ૨૧ હજાર, નિરવ વાડીલાલ પટેલ દ્વારા ૧૧ હજાર, મહેશ હિરાભાઇ પટેલ દ્વારા ૨૧ હજાર, ધી રૂપાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. દ્વારા ૧,૧૧,૧૧૧/- રૂપિયા, સિનિયર સીટીઝન કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા ૧ લાખ, ધી કલોલ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા ૧,૫૦,૦૦૦/- રૂપિયા, આશ્કા કો.ઓ.હા.સોસાયટી લિ, કોબા દ્વારા ૫૧ હજાર અને શ્રી રિતેશ ચંદૂભાઇ પટેલ દ્વારા ૧૦ હજાર રૂપિયાની સહાય રાજય મુખ્ય મંત્રી રાહતફંડ નિધિમાં આપવામાં આવી છે. આ નિધિમાં હજુ દાન આપવા માટેનો પ્રવાહ હજુ ચાલું છે. આ નિધિમાં દાન આપનાર સર્વે સંસ્થાઓ અને વ્યક્તિઓનું જિલ્લા વહીવટી તંત્ર વતી કલેકટરશ્રીએ આભાર વ્યક્ત કર્યો છે.

બારમાસી છંદ:-

રચના:- પિંગળશી ભાઈ ગઢવી (રાજકવિ:- ભાવનગર સ્ટેટ)

કહું માસં કાતી, તિય મદમાતી, દિપ લગાતી રંગ રાતી।
મંદિર મહલાતી, સબે સુહાતી, મૈં હરખાતી જઝકાતી।
બિરહે જલ જાતી, નીંદ ન આતી, લખી નપાતી મોરારી।
કહે રાધે પ્યારી, મૈં બલિહારી, ગૌકુળ આવો ગિરધારી !! ૧

મગસર શુભ માસં, ધર્મ પ્રકાશં, હિયે હુલ્લાસં જનવાસં।
સુન્દર સહવાસં, સ્વામી પાસં, વિવિધ વિલાસં રનિવાસં।
અન્ન નહીં અપવાસં, વ્રતી અકાશં, નહીં વિશ્વાસં મોરારી।
કહે રાધે પ્યારી, મૈં બલિહારી, ગૌકુળ આવો ગીરધારી !! ૨

પૌષે પછ્તાઈ, શિશિર સુહાઈ, ઠંડ લગાઈ સરસાઈ।
મન મથ મુરઝાઈ, રહ્યો ન જાઈ, બૃજ દુખદાઈ વરતાઈ।
શું કહું સમઝાઈ, વૈદ બતાઈ, નહીં જુદાઈ નર નારી।
કહે રાધે પ્યારી, મૈં બલિહારી, ગૌકુલ આવો ગિરધારી !! ૩

માહ મહિના આયે, લગન લખાયે, મંગળ ગાયે રંગ છાયે।
બહુ રૈન બઢાયે, દિવસ ઘટાયે, કપટ કહાયે વરતાયે।
વૃજ કી વનરાયે, ખાવા ધાયે, વાત ન જાય વિસ્તારી।
કહે રાધે પ્યારી, મૈં બલિહારી, ગૌકુળ આવો ગિરધારી !! ૪

ફાગુન પ્રફુલ્લિતં, બેલ લલિતં, કીર કલીતં કૌકીલં।
ગાવત રસ ગીતં, વસન્ત વજીતં, દન દરસીતં દુખ દિલં।
પહેલી કર પ્રીતં, કરત કરીતં, નાથ અનીતં નહીં સારી।
કહે રાધે બલિહારી, મૈં બલિહારી, ગૌકુળ આવો ગિરધારી!! ૫

અષાઢ ઉચ્ચારમ્, મેઘ મલ્હારમ્, બની બહારમ્ જલધારમ્
દાદુર ડક્કારમ્, મયુર પુકારમ્, તડિતા તારમ્ વિસ્તારમ્
ના લહી સંભારમ્, પ્યારો અપારમ્ નંદકુમારમ્ નિરખ્યારી
કહે રાધે પ્યારી, મૈં બલિહારી ગોકુળ આવો ગિરધારી. ૯

શ્રાવણ જલ બરસે, સુંદર સરસેં, બાદલ બરસે અંબરસેં,
તરુવર ગિરિવરસે, લતા લહર સે નદિયાં સરસે સાગરસેં,
દંપતી દુ:ખ દરસે, સૈજ સમરસેં, લગત જહરસેં, દુ:ખકારી
કહે રાધે પ્યારી, મૈં બલિહારી ગોકુળ આવો ગિરધારી. ૧૦

ભાદ્રવટ ભરિયા, ગિરિવર હરિયા પ્રેમ પ્રસરિયા, તન તરિયા
મથુરામેં ગરિયા, ફેર ન ફરિયા, કુબજા વરિયા, વસ કરિયાં
વ્રજરાજ બિસરીયા, કાજ ન સરિયા મન નહિ ઠરિયા મૈ હારી,
કહે રાધે પ્યારી, મૈ બલિહારી ગોકુળ આવો ગિરધારી.૧૧

આસો મહિનારી, આસ વધારી દન દશરારી, દરશારી
નવનિધિ નિહારી, ચઢી અટારી, વાટ સંભારી મથુરારી
બ્રુષભાનુ દુલારી, કહત પુકારી, બિનવીયે બારીબારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી ગોકુળ આવો ગિરધારી. ૧૨.

રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ઘઉંની હરાજી શરૂ

રાજકોટ,તા.૨૧

શહેરના બેડી માર્કેટિંગ યાર્ડમાં આજથી ઘઉંની હરાજી શરૂ કરવામાં આવી છે. રજિસ્ટ્રેશન થયેલા ૫૦ ખેડૂતોને પોતાના ઘઉં લઈને બોલાવવામાં આવ્યા હતા. જોકે, ૫૦ માંથી ૩૦ જેટલા જ ખેડૂતો હાજર રહ્યા હતા. યાર્ડમાં આવતા ખેડૂતો, વેપારીઓ, એજન્ટો સહિત તમામ લોકોએ ફરજીયાત માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સ સાથે હરાજી શરૂ કરવામાં આવી હતી. સાથે જ યાર્ડના ગેટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. યાર્ડમાં આવતા દરેક લોકોને ગેટ પર સેનિટાઈઝ કરી ટેમ્પરેચર માપી અંદર એન્ટ્રી આપવામાં આવી હતી. સવારે ૭ થી ૯ વાહનોને એન્ટ્રી આપવામાં આવી હતી અને ૯ વાગ્યે હરાજી શરૂ કરવામાં આવી હતી.

રાજકોટ જે રીતે લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે મોટાભાગના વેપાર બંધ છે. આવા સમયે હવે યાર્ડ શરૂ થતાં ખેડૂતોને નવી આશા જાગી છે. જે રીતે ખેડૂતોનો માલ બગડી જવાની શક્યતા હતી ત્યારે હવે ધીરે ધીરે યાર્ડ શરૂ થતાં ખેડૂતોએ રાહતની શ્વાસ લીધો છે. આજે હરાજીના ખેડૂતોએ ઘઉંના પૂરતા ભાવ મળ્યા નહીં હોવાનું જણાવ્યું હતું. આજથી જે રીતે યાર્ડ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે ૫૦ જ ખેડૂતોને બોલાવવામાં આવ્યા હતા.

હવે આગામી દિવસોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે તેની યોગ્ય વ્યવસ્થા કરી વધુ ખેડૂતોને બોલાવવામાં આવશે અને ઘઉં ઉપરાંત અન્ય જણસીની પણ હરાજી શરૂ કરવામાં આવશે.

ટૂંકી વાર્તા : ભાઈ-બહેન

લેખક : નિકેતા વ્યાસ-ઢુંચાલા

આજે શાળામાં ઉત્સવનું વાતાવરણ હતું.મોટો મંડપ બંધાયો હતો.આસોપાલવનાં તોરણથી શાળાને શણગારવામાં આવી હતી.બેન્ડ ટીમના બાળકો દરવાજે યુનિફોર્મમાં બેન્ડ વગાડવા થનગની રહ્યાં હતાં.શાળાના બાળકો અને શિક્ષકોનાં ચહેરા ખુશખુશાલ દેખાતા હતાં.

રોજ શાળામાં આવતાં ગોમતી ડોશીને આ બધુ જોઈને નવાઈ લાગી.એમણે એક શિક્ષકને પૂછ્યું : "ચ્યમ બોન આ બધું હું સે ?" બેન કહે : "અરે ગોમતીમાં આજે અમારી શાળાના એક બાળકનો સન્માન સમારંભ છે.હમણાં મોટા સાહેબ આવશે.અને એમના હાથે એ બહાદુર બાળકનું સન્માન થવાનું છે."

"પણ કોંક તો કારણ હશે કે ?"

"હાસ્તો વળી.એણે તળાવમાં ડૂબતી એક નાની છોકરીને બચાવી છે.એ બહાદુરી બદલ ભારત સરકાર તરફથી એને બહાદુરીનો એવોર્ડ મળ્યો છે.અને આજે શાળામાં શિક્ષણાધિકારી સાહેબ પણ એનું સન્માન કરવાના છે."

"શાબ્બાશ ભૈ શાબ્બાશ.આપણી નેહાળ મો આવા સોકરાઓ સે એ જોણીને મું ખુશ થૈ જઈ."

મોટા સાહેબ આવ્યાની સૂચના આવવાથી સૌ કોઈ સ્વાગતમાં ગૂંથાયાં.થોડીવારમાં કાર્યક્રમ શરૂ થયો.પ્રાર્થના અને સ્વાગત પછી આચાર્યશ્રીએ ઉદબોધન કર્યું.એક બાળકને શિક્ષણાધિકારી સાહેબ પાસે લાવવામાં આવ્યો. આચાર્યશ્રીએ ઓળખાણ આપી : "સાહેબ આ છે અમારો ભરત."

સાહેબે જોયું – સ્વચ્છ કપડાં,વ્યવસ્થિત ઓળેલું માથું ,ચમકતાં દાંત,આત્મવિશ્વાસથી તગતગતી આંખો,હસતો ચહેરો અને અંગેઅંગમાંથી ટપકતી સ્ફૂર્તિ એને કોઈ અનોખી આભા અર્પતા હતાં.સાહેબે એની સાથે હાથ મિલાવ્યા અને પૂછ્યું: "તને તળાવમાં કૂદતા બીક નાં લાગી ?"

"નાં રે ...એમાં બીક શાની ?"ભરતે જવાબ આપ્યો.

" સારું એ દિવસે શું થયું હતું ? એ કહે."સાહેબે વળી પૂછ્યું.

"એ દા'ડે અમે બધાં તળાવે નહાવા ગયેલાં.ત્યાં નાહ્યાં પછી હું ઝાડ ઉપર ચડીને કેરી ઉતારતો'તો.ત્યાં છોકરાઓએ બૂમાબૂમ પાડી.પશાકાકાની કીકલી પાણીમાં પડી ગઈ ને ડૂબવા માંડી.બધા છોકરાં દેકારો કરતાં'તાં.મેં ઝાડ પરથી સીધ્યો કૂદકો માર્યો પાણીમાં.કીક્લીને પકડી પાડી.ને તાણીને કિનારે ખેચી લાયો.કીકલી જાડી બૌ છે તે એનો ભાર લાગ્યો ને મને બૌ શ્વાસ ચડી ગયો'તો."

" એમ....અરે વાહ ! તને એવું નાં થયું કે હું ડૂબી જઈશ તો ?"

"સે'જેય નૈ.મારી માએ શીખવાડ્યું છે કે બીજાને મદદની જરૂર હોય ત્યારે વિચારવા ના બેસાય.મારા ગાઈડર બેને શીખવાડ્યું છે કે બધા સ્કાઉટ-ગાઈડ એકબીજાના ભાઈ-બેન છે.કીક્લીને તો બિચારીને માને બાપ બેય ભૂકંપમાં મરી ગયાં છે.એની જગ્યાએ મારી બેન હોય તો ? મને એવો વિચાર આવ્યો કે તરત હું પાણીમાં ઠેકી પડ્યો."

સાહેબની આંખો લાગણીથી ભીની થઇ ગઈ.એમણે આગળ વધીને ભરતને તેડી લીધો.તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું.

"ખરેખર સ્કાઉટ-ગાઈડ સાહસી હોય છે." આટલું બોલતાં બોલતાં સાહેબની આંખોમાંથી આનંદના આંસુ ટપકી પડ્યા.

ગીર પૂર્વની રેન્જમાં ચેપી રોગથી ૨૫ સિંહોનાં મોત થયાની વાતને વનવિભાગે નકારી

જૂનાગઢ,તા.૨૧

ગીર પૂર્વ વનવિભાગ હેઠળ આવતી બે રેન્જના જંગલમાં ૨ માસમાં ૨૫ સાવજ મોતને ભેટ્યાની વાત બહાર આવી છે. વનવિભાગે આ વાતને સ્વીકારી છે. પણ આની પાછળ કોઇ ચેપી રોગચાળો હોવાની વાતનો ઉચ્ચ અધિકારીઓ સતત ઇંકાર કરી રહ્યા છે. બે દિવસ પહેલાં ૮ સિંહબાળને અને તેની સાથેની ૭ થી ૮ સિંહણોને પણ જશાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી. જે પૈકી એક સિંહબાળનું મોત થયું છે. અને જૂનાગઢના સક્કરબાગ સહિત બીજા એનિમલ કેર સેન્ટરોમાંથી પણ તબીબી ટુકડીઓ જશાધાર બોલાવાઇ હતી. ખુદ સીસીએફ ત્યાં દોડી ગયા હતા.

અને તેમની દેખરેખ નીચે સ્થિતિની સમીક્ષા કરાઇ છે. આ સિંહબાળ લોહીમાં હિમોગ્લોબિન ઓછું હોવાને લીધે મોતને ભેટ્યાનું વનવિભાગનું કહેવું છે. પણ જે રીતે વેટરનરી તબીબોનો ખડકલો જશાધારમાં થયો હતો તેના પરથી કોઇ ગંભીર બાબત હોવાની પ્રતિતી થઇ રહી છે. સિંહો જેટલા જન્મે એમાં દર ૩ બાળસિંહ પૈકી ૨નું મોત થાય એ જ સિંહોનો સર્વાઇવલ રેશિયો છે. એ કુદરતી ઘટના છે. અને અમારા ફોરેસ્ટ મેનેજમેન્ટના મેન્યુઅલમાં આ વાતને માન્ય રાખવામાં આવી છે. હા, તેના કારણો જુદા હોઇ શકે ખરાં. પણ જશાધારમાં રાખેલા પૈકી એક પણને કેનાઇન ડિસ્ટેમ્પરની કોઇ જ શક્યતા નથી. ૨ માસમાં ૨૫ સિંહોના મોતની ઘટના નવી નથી.

રાજ્યમાં ૨૭ એપ્રિલથી ઘઉંની ટેકાના ભાવે કરવામાં આવશે ખરીદી: અશ્વિની કુમાર

ગાંધીનગર,તા.૨૧

એક તરફ રાજ્યમાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યાં છે. ત્યારે રાજ્ય સરકાર આ કોરોના વાયરસને રોકવાની સાથે ખેડૂતો, મજૂરો સહિતના લોકોને પણ વધુ મુશ્કેલી ન પડે તે માટે અનેક નિર્ણયો લઈ રહી છે. આજે પણ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેની જાણકારી મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે પત્રકાર પરિષદમાં આપી હતી. મુખ્યમંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે રાજ્યમાં સુજલામ સુફલામ અભિયાન શરૂ કરવામાં આવશે. ગ્રામ્ય અને શહેરો કક્ષાએ ચેકડેમો, નદીઓ ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્ય ૧૦ જૂન સુધી કરવામાં આવશે. ખેડૂતો પણ કોઈપણ જાતની કિંમત વગર ખેતર માટે માટી લઈ શકશે. આ કામગીરી દરમિયાન કોરોના ન ફેલાય તે માટે સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરવાનું રહેશે. આ યોજનામાં ખેડૂતોને માટી, શ્રમિકોને રોજગારી મળશે તથા રાજ્યમાં પાણી સંગ્રહની ક્ષમતામાં પણ વધારો થશે.

રાજ્ય સરકાર દ્વારા લૉકડાઉન વચ્ચે ખેડૂતો માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં ૨૭ એપ્રિલથી ઘઉંની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. તેના માટે ૨૭ એપ્રિલથી ૧૦ મે સુધી રજીસ્ટ્રેશનની કાર્યવાહી ચાલશે. આ માટે નોંધણી કરાયેલા ખેડૂતોને અગાઉથી જાણ કરવામાં આવશે તે તારીખે ખેડૂતોએ આવીને ઘઉંનું વેચાણ કરવાનું રહેશે.

તો અશ્વિની કુમારે માહિતી આપતા કહ્યું કે, રાજ્યમાં ગઈકાલથી ઉદ્યોગોને મંજૂરી આપવામાં આવી છે. અત્યાર સુધી ૨૯ હજાર ૮૦૦ જેટલા ઉદ્યોગો ગુજરાતમાં કાર્યરત થઈ ગયા છે. તેનાથી ૧ લાખ ૮૦ હજાર લોકોને રોજગારી મળશે. તેમણે કહ્યું કે, મોટાભાગના ઉદ્યોગ, અમદાવાદ, રાજકોટ, કચ્છ, ભરૂચ અને વડોદરા જિલ્લામાં છે.

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના જરૂરિયાત મંદ લોકોને કીટ ફુટ વિતરણ કરવામાં આવી

સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ

કોરોના વેશ્વિક મહામારી સમયમાં ભારત જેવા દેશ માં મધ્યમ વર્ગ તેમજ ગરીબ લોકો પોતાના રોજિંદા જીવન માં સવારે કામ કરે ત્યારે સાંજે જમવાનુ મળે તેવી પરિસ્થિતિ છે ત્યારે કપરાડા વિસ્તારના મીડિયા ,કપરાડા મામલતદાર કલ્પેશ સુવેરા , ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અનેક સહયોગ સામાજિક સંસ્થાઓ આગળ આવીને આવા લોકોને કીટ જમવાનુ તેમજ કરિયાણું જેવી વસ્તુઓ આપવામાં આવી છે. ત્યારે કપરાડા તાલુકા ના માલધર વીરક્ષેત્ર કુકુનિયા ગિરનારા વરવઠ જામગભણ ભંડારકચ્છ સુલીયા માંલુગી ગામમાં જે જરૂરિયાત મંદ ગરીબ તેમજ નિ સંતાન , નિસહાય લોકોને કિટમાં કરિયાણું આપવામાં આવ્યું છે. વાપી ના સિનિયર સીટીઝન , ભંડારકચ્છ માં આવેલી જલારામ સ્ટોન ક્વોરી, ઓધવ મેટલ વર્ક્સ, શિવ કાશી ઈન્ડ્રીઝ, અને ગામના અગ્રણી આગેવાનો ધર્માભાઈ ભૂરકુંડ (શેઠ) દશરથ સાંબર, દિનેશભાઈ ભંસરા, અનુપસિંહ રજપુરોહિત,વાપી બલીઠા ફ્રેન્ડ ગ્રુપ ના દીપક શિરોયા, કનકસિંહ વિનોદ પટેલ, જયંતિભાઈ અને લંડન માં વસતા નદીમભાઈ તથા નીમતભાઈ ના નાણાકીય સહયોગ થી

તેમજ વિવિધ આગેવાનો હાજર રહીને ૫૩૦ થી વધુ કીટ નું વિતરણ કરવામાં આવેલ છે તેમજ પારડી તાલુકાના ડુમલાવ ગામના જીતુભાઈ પટેલ જલારામ અન્નપૂર્ણા દ્વારા અનેક ગામમાં કીટ અને ફુટ માટે સંયુક્ત ફાળો કરીને ના કપરાડા અને પારડી ગામોના જમવાનુ પણ આપવામાં આવ્યું હતું. રેલવે સુરક્ષા બલ વલસાડ દ્વારા નવ ગામોમાં ૨૩૦૦ વધુ લકોને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. એવું ભગીરથ કાર્યમાં ગ્રામજનો તરફથી સહકાર આપવામાં આવ્યો હતો.

અરવલ્લીના બાયડના આંબલીયારા ગ્રામ્ય વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયો

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧૪૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ ઝOVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં COVID-19 નો કેસ મળી આવેલ બાયડના આંબલીયારા ગ્રામ્ય વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ(તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. કરવામાં આવશે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૦૩મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યું

રજીસ્ટ્રેશન કરેયેલ ૫૦ ખેડૂતો ને થર્મલ સ્ક્રીનિંગ અને સેનેટાઈઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનની લંબાવતા સૌથી વધુ કફોડી હાલત જગતના તાતની થઈ છે ખેડૂતોની જીવાદોરી સમાન ઘઉં અને રવિ સીઝનની પેદાશો ના ઢગલા ઘર અને ખેતરમાં પડી રહેતા ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થવાનો વારો આવ્યો હતો મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશોએ જીલ્લામાં એકપણ કોરોનાનો કેસ ન હોવાથી ખેડૂતોને રવિ પેદાશ વેચવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ૧૪ એપ્રિલ થી શરુ કરતા ખેડૂતોએ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે ગુરુવારથી રજીસ્ટ્રેશન કરાયેલ ૫૦ રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને ખરીદી માટે બોલાવતા મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યું હતું ઘઉંના મણે ૩૫૦ થી ૪૦૦ રૂપિયા મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો

કોરોના મહામારીમાં કોરોનાનું સંક્રમણ ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે મોડાસા માર્કેટયાર્ડમાં ટ્રેક્ટર સહીત વિવિધ વાહનો મારફતે ઘઉં અને રવિપાક લઈ વેચાણ અર્થે પહોંચેલા ખેડૂતો અને ડ્રાઈવરનું થર્મલ સ્ક્રીનિંગ અને સેનેટાઈઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે તેની તકેદારી રાખી ખેડૂતોના પાકની ખરીદી થતા ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો હતો મોડાસા માર્કેટયાર્ડમાં ૩૨ ખેડૂતો ઘઉં વેચાણ અર્થે પહોંચતા શરુ થયેલી હરાજીમાં ૩૫૦ થી ૪૦૦ રૂપિયા પ્રતિ મણ ઘઉંનો ભાવ મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો

લોકડાઉનના પગલે માર્કેટયાર્ડ બંધ રહેતા ખેડૂતોએ મોટા પ્રમાણમાં પકવેલ ઘઉં ખેતરોમાં અને ઘઉં આગળ ઢગલા કરી રાખી મુક્યા હતા વારંવાર વાતાવરણમાં પલટો લોકડાઉનની કપરી સ્થિતિમાં જીવનનિર્વાહ ચલાવવાના ફાંફા અને સંગ્રહ કરવાની યોગ્ય વ્યવસ્થાના અભાવે મિલધારકો અને વેપારીઓને ૨૫૦ થી ૩૦૦ રૂપિયા પ્રતિ મણ વેચવા મજબુર બન્યા છે ત્યારે માર્કેટયાર્ડ શરતોને આધીન ઘઉંની ખરીદી શરુ કરતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી

લોકડાઉનની સ્થિતિમાં કેટલાક ધંધાર્થીઓ વધુ લાલચુ બની ગયા છે જીવનજરૂરિયાત ચીજ વસ્તુઓના ભાવમાં પણ ભારે વધારો જોવા મળી રહ્યો છે બીજીબાજુ કેટલાક ઘઉંની મિલ ધરાવતા અને ધાન્યની ખરીદી સાથે શંકાયેલ વેપારીઓએ ખેડૂતોની મજબુરીનો લાભ ઉઠાવવા ગ્રામ્ય વિસ્તારોમાં ધામા નાખી સસ્તા ભાવે ઘઉં સહીત રવિ પાકની ખરીદી કરી ખેડૂતોને લૂંટી રહ્યા છે ખેડૂતો લૂંટાઈ રહ્યા હોવા છતાં મજબૂરીમાં લાચાર બની રહ્યા છે

અરવલ્લી જિલ્લાના ૨૪ને ગવર્નમેન્ટ જયારે ૯૨૫ લોકોને હોમ કવોરન્ટાઈન કરાયા

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસને સંક્રમણને અટકાવવા તેમજ તકેદારી રાખવા છંતા મોડાસા શહેરી અન્ય જિલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝિટીવ દર્દીઓ મળી આવ્યા હતા. જેને આરોગ્ય તંત્ર દ્વારા અસરકારક પગલા લેવામાં આવી રહ્યા છે.

અરવલ્લી કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોએકટીવ અને કોમ્યુનીટી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં જિલ્લામાં હાઉસ ટુ હાઉસ ૧૧,૧૦,૭૬૯ લોકોનુ સર્વેલન્સ હાથ ધરાયું. જેમાં કુલ ૧૨,૩૧૨ યાત્રીઓ આવ્યા હોવાનું માલૂમ પડ્યુ હતું. જેમાંથી ૧૦૦૬ લોકોને ૧૪ દિવસ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. જયારે હાલ ૯૨૫ લોકોને હોમ કવોરન્ટાઈન અને ૨૪ લોકોને ૧૪ દિવસ માટે ગવર્નમેન્ટ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૫૭ આઈસોલેશનની સુવિધા હેઠળ છે જિલ્લામાં અત્યાર સુધી ૩૪૬ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૬ લોકોને રીપોર્ટ કોરોના પોઝિટીવ જયારે ૨૭૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે જયારે જિલ્લામાં હજુ પણ ૫૬ શંકાસ્પદ દર્દીઓના રીપોર્ટ પેન્ડીગ છે. જિલ્લાની સાર્વજનિક હોસ્પિટલમાં ૫૦ જયારે બાયડની વાત્રક હોસ્પિટલમાં ૧૦૦ બેડની સુવિધા સાથે આઈસોલેશન વોર્ડસજ્જ કરવામાં આવ્યો છે. જયારે જિલ્લાકક્ષાએ ૨૨૮ બેડની સુવિધા સાથે ચાર જગ્યાએ ક્વોરોનટાઈન સુવિધા ઉભી કરવામાં આવી છે આ ઉપરાંત તાલુકાકક્ષાએ ૬ ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ૨૫૭ બેડની સુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે. જિલ્લામાં કોરોના વાયરસને પંહોચી વળવા જિલ્લાકક્ષાએ ૧૦૩૫ આશા અને આંગણવાડી કાર્યકર, ૨૧૯ ફિમેલ હેલ્થ વર્કર, ૨૧૯ શિક્ષકો તેમજ ૨૧૯ સહાયક સ્ટાફ સજ્જ રાખવામાં આવ્યો છે.

મોડાસામાં કોરોના સંક્રમિત યુવક હોસ્પિટલમાંથી પૂછો પર તાવ દેતા ટીકટોક બનાવી રહ્યો છે બિન્દાસ્ત

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાએ ચારેકોર કહેર મચાવી દીધો છે. અરવલ્લી જિલ્લામાં છેક સુધી કોઈપણ કેસ દેખાયો નહોતો ત્યારે બે-ત્રણ દિવસના ટુંકા ગાળામાં જ અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૬ કેસ પોઝીટીવ મળી આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે લોકડાઉન-૨ માં અન્ય જિલ્લામાંથી બાઈક મારફતે મોડાસા તાલુકાના રાજલી ગામે આવેલા યુવકને કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવતા ભારે ચકચાર મચી છે કોરોના રિપોર્ટ પોઝેટીવ આવે તે પહેલા આ યુવક તેની સાસરી સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં બિન્દાસ્ત રખડતો હતો અને અનેક લોકોના સંપર્કમાં આવ્યો હોવાથી પરિવારજનો અને સંપર્કમાં આવેલા લોકો ડરના માહોલમાં જીવી રહ્યા છે આ યુવકની લાપરવાહીના પગલે અનેક લોકોને હેરાન થવાનું આવ્યું છે બીજીબાજુ યુવક કોવીડ હોસ્પિટલ માં ટીકટોક વિડીયો બનાવી બિન્દાસ્ત મૂડમાં દેખાઈ રહ્યો છે હાલ સોશ્યલ મીડિયામાં કોરોના પોઝેટીવ યુવકના વિડીયો ભારે વાઈરલ થઇ રહ્યા છે

પ્રાપ્ત માહિતી અનુસાર , મોડાસાના રાજલી ગામનો દિનેશ નામનો યુવક રાજકોટના આજુબાજુના વિસ્તારમાં ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો રાજકોટમાં કોરોનના કેસમાં વધારો થતા આંતરરાજ્ય સરહદો સીલ હોવાના દાવાઓને પોકળ સાબિત કરી યુવક બાઈક સાથે રાજકોટ થી રાજલી પહોંચી ગયો હતો અને બિન્દાસ્ત ફરતો રહ્યો હતો આ અંગે આરોગ્ય તંત્રને જાણ થતા યુવકને મોડાસા કોવીડ હોસ્પિટલમાં આઈસોલેટ કરી કોરોના રિપોર્ટ કરાવતા પોઝેટીવ આવતા યુવકની સારવાર હાથધરી છે બીજીબાજુ મોડાસા પંથકમાં કોરોનાની દહેશત ફેલાવનાર યુવક પોતે સ્વસ્થ હોવાની સાથે અને મૂછો પર તાવ આપી કોરોનાને હરાવવા તૈયાર હોવાનો ટીકટોક પર વિડીયો બનાવી વાઈરલ કરતા લોકો યુવક ઝડપથી કોરોના મુક્ત થાય તેવી ઈચ્છી રહ્યા હોવાની સાથે તેની લાપરવાહી જીલ્લાના પ્રજાજનોને મોંઘી પડી શકે છે ની ચર્ચાએ જોર પકડ્યું છે

દર્દીનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા તંત્ર દોડતું થયું

મોડાસાની ભાગ્યલક્ષ્મી કોરન્ટાઈન સેન્ટરમાં દર્દીઓ બાથરૂમનું પાણી પીવા મજબુર

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસ થી સંક્રમિત અને શંકાસ્પદ દર્દીઓ માટે કોવીડ હોસ્પિટલ અને આઈસોલેશન વોર્ડ અને કોરન્ટાઈન વોર્ડ ઉચ્ચ કક્ષાની સુવિધા ઉપલબ્ધ કર્યાના દાવાઓ થઈ રહ્યા છે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર માટે દાખલ કરવા અને દર્દીઓને અપૂરતી સુવિધાઓ મળતી હોવાની બૂમો ઉઠી છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર નજીક આવેલ કોરન્ટાઈન સેન્ટરમાં દર્દીઓ સાથે ખરાબ વહેવાર કરવામાં આવતો હોવાની સાથે બાથરૂમ માંથી પાણી પીવા મજબુર થઇ રહ્યા હોવાનો કોરન્ટાઈન સેન્ટરમાં રહેલા જાગૃત યુવકે સોશ્યલ મીડિયામાં વિડીયો વાઈરલ કરતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી હતી અને કોરન્ટાઈન સેન્ટરમાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરવાની સાથે સ્વચ્છતા અભિયાન હાથધર્યું હતું મોડાસા શહેર સહીત જિલ્લામાં અન્ય રાજ્ય અને જિલ્લામાંથી આવેલા લોકોને ૧૪ દિવસ માટે કોરન્ટાઈન કરવા વિવિધ સ્થળોએ કોરન્ટાઈન સેન્ટર બનાવવામાં આવ્યા છે મોડાસાના સાકરીયા નજીક ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજમાં ઉભા કરાયેલ કોરન્ટાઈન સેન્ટરમાં કોરન્ટાઈન કરેલા લોકોને ભારે અગવડતાનો સામનો કરવો પડતા કોરન્ટાઈન થયેલા જાગૃત યુવકે કોરન્ટાઈન સેન્ટરમાં પીવાનું પાણી પણ ઉપલબ્ધ ન હોવાનું અને બાથરૂમનું પાણી પીવું પડી રહ્યું હોવાની સાથે સ્વચ્છતાનો અભાવ હોવાનો સંડાશ બાથરૂમમાં લાઈટની સુવિધાનો અભાવ અને ફરજ પરના કર્મચારીઓ તેમની સાથે તોછડાઈ ભર્યું વર્તન કરતા હોવાનો સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થતા આરોગ્ય તંત્રની કામગીરી સામે માછલાં ધોવાતાં તંત્રમાં ભારે દોડધામ મચી હતી અને કોરન્ટાઈન સેન્ટરમાં પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા ઉભી કરી સફાઈ કામદારોને કામે લગાડ્યા હતા

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, જિલ્લામાં ઉભા કરાયેલા કોરન્ટાઈન સેન્ટરમાં હાઈ રિસ્ક હોવા છતાં અને જિલ્લામાં ૧૬ કોરોનાગ્રસ્ત દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા હોવાનું બહાર આવ્યું છે ત્યારે કોરન્ટાઈન સેન્ટરમાં ફરજ બજાવતા કર્મચારીઓને એન-૯૫ માસ્ક પણ આપવામાં ન આવતા કર્મચારીઓ જીવન જોખમે ફરજ બજાવી રહ્યા છે ત્યારે કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં પણ કોરોના સંક્રમિત થવાનો ભય તોળાઈ રહ્યો છે

એક માસ બાદ ગાંધીનગરના આશાસ્પદ યુવાન

ઉમંગ પટેલે કોરોનાને પરાસ્ત કરીને અમદાવાદ સિવિલમાંથી રજા મેળવી

ગાંધીનગર

ગાંધીનગર શહેરના પ્રથમ કોરોના પોઝિટીવ કેસ આવનાર ઉમંગ પટેલને આજે એક માસ સુધી સતત કોરોના સામે લડીને તેને પરાસ્ત કરી અમદાવાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, ગાંધીનગર મહાનગરપાલીકામાં આજરોજ કોઇ કોરોનાગ્રસ્ત વ્યક્તિ નથી, તેવું ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના સેકટર-૨૯માં રહેતા ઉમંગ પટેલ તથા તેમના પત્ની પીનલબહેન દુબઇ પ્રવાસ ગયા હતા. તા. ૧૬મી માર્ચના રોજ ગાંધીનગર આવ્યા હતા. ઉમંગભાઇનું તા. ૧૯મી માર્ચના રોજ બ્લડ સેમ્પલ લેવામાં આવ્યું હતું. જેનો રીપોર્ટમાં કોરોના પોઝિટીવ આવ્યો હતો. તેના કારણે તેના સંપર્કમાં આવેલા તેમના પત્ની પીનલબહેન, દાદી ઇચ્છાબહેન, તેમના પિતા શ્રી જશવંતભાઇ પણ કોરોના પોઝિટવ થવા પામ્યા હતા. આ ફેમિલી ટ્રીનો ચેપ આગળ વધતા ઉમંગભાઇના ફૂવા આશોકભાઇ અને તેમના ફઇ ચંદ્રિકાબહેન, અશોકભાઇના માતૃશ્રી શારદાબહેન પુત્ર સ્વપ્નિલ, ઉંમગભાઇના દાદા સાંકળચંદભાઇ, તેમના ભાઇ તીર્થ અને માતા અંજનાબહેન આમ ઉમંગભાઇથી એક જ કુટુંબના કુલ-૧૧ વ્યક્તિ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. તેઓની સારવાર અમદાવાદ તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી હતી. બંને સિવિલ હોસ્પિટલની સમયસર સારી સારવારના કારણે ધીમે ધીમે તબક્કાવાર તમામ વ્યક્તિઓ કોરોના નેગેટીવ જાહેર થયા હતા. માત્ર ઉમંગના દાદા શ્રી સાંકળચંદભાઇ મોટી ઉમંર તેમજ શરીરના અન્ય રોગો હોવાને કારણે તેમનું મૃત્યૂ થયું હતું. આજે તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૦ ના રોજ ઉમંગભાઇનો રીપોર્ટ પણ નેગેટીવ આવતાં તેઓને આજરોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેથી રજા આપવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકામાં આજરોજ કોઇ કોરોનાગ્રસ્ત વ્યક્તિ નથી.

ગાંધીનગર શહરેમાં આ રોગ માત્ર એક કુટુંબના સભ્યો સુધી મર્યાદિત રહ્યો હતો. અને અન્ય જગ્યાએ તેનો ફેલાવો થઇ શક્યો ન હતો. તેની પાછળ ગાંધીનગર મહાનગરપાલિકાનો, અમદાવાદ-ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડાકટર, પેરામેડિકલ સ્ટાફ તથા સમગ્ર વહીવટી તંત્રની સતર્કતા અને દિવસ-રાતની મહેનત થકી આ પરિણામ મળ્યું છે, તેવું પણ મેયરે ઉમેર્યું છે.

સર્વોદય પરિવાર ટ્રસ્ટ (અમદાવાદ) દ્વારા વતન સાદરા ખાતે આવેલ શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર ના સહયોગથી છેલ્લા ૨૫ દિવસથી કોરોના વાયરસની મહામારીના સમયમાં જરૂરિયાતમંદ પરિવારોને ભોજન મળતું રહે તે હેતુ થી ફૂડ પેકેટ્સ બની શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે, અત્યાર સુધીમાં લગભગ ૭૦૦૦૦ થી વધુ ફૂડ પેકેટ્સનું વિતરણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, આર.એસ.એસ, રોબીનહુડ આર્મી જેવા એન.જી.ઓ. ના સહયોગ થી કરવામાં આવેલ છે સાથે સાથે ૧૫૦ થી વધુ અનાજની કીટનું પણ વિતરણ કરવામાં આવેલ છે અને આ સેવાયજ્ઞ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે

તસ્વીર/અહેવાલ - ભવ્ય શાહ

બેચરાજી તાલુકા ભાજપ પ્રમુખ કેશાભાઈ પ્રજાપતિ દ્વારા આદિવાડા મા માસ્ક વિતરણ કરી જન્મદિવસ ની ઉજવણી

કોરોના મહામારી ને પગલે શહેરી વિસ્તારની સાથે ગામડાં મા તકેદારી જરુરી બની છે ત્યારે બેચરાજી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી કેશાભાઇ પ્રજાપતિ દ્વારા આદિવાડા ગામ મા માસ્ક વિતરણ કરી જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવી.ફ્રેંડસ ગ્રુપ ના ચિરાગ રમેશભાઇ દરજી ના સહયોગ થી બનાવેલ માસ્ક ના વિતરણ મા રામભાઇ પટેલ, લાલભાઇ પટેલ , પ્રભાતભાઇ દેસાઈ સહીત ભાજપ ના અગ્રણીઓ ઉપસ્થ રહ્યા .રોટરી ક્લબ પાટણ ના ક્લબ ટ્રેનર બાબુભાઇ પ્રજાપતિ એ પણ ડોર ટુ ડોર કરવામાં આવેલ માસ્ક વિતરણ સમયે લોકો ને સાવચેતી રાખવા સમજ આપી હતી

આજરોજ નિસ્વાર્થ સેવા સંગઠન ના માધ્યમથી કોરોના અસરગ્રસ્ત ગઠામણ ગામ ના અસરગ્રસ્ત વિસ્તારમાં ૧૦ દિવસ ચાલે એટલું ૭૬ કરિયાણાની કીટો બનાવી ગઠામણ ગામ લોકોમાં આપવામાં આવી ઉપસ્થિત નાયબ કલેકટર બામણીયા સાહેબ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય કારોબારી સભ્યશ્રી હિતેશભાઈ ચૌધરી નિસ્વાર્થ સેવા સંગઠન પ્રમુખ શ્રી નીતિનભાઈ ઠાકોર ઠાકોરદાસ ખત્રી ગુજરાત રાજ્ય યુવકબોર્ડ ના સભ્યશ્રી રૂપેશભાઈ ગુમા ગઠામણ ગામ પંચાયત તલાટી નરેશ ભાઈ ચૌધરી ઉપસ્થિતિ રહી ગઠામણ ગામના લોકોમાં નિસ્વાર્થ સેવા સંગઠન ના માધ્યમથી અસરગ્રસ્ત વિસ્તારમાં સેવા આપી ઉમદા કામ કરતી નિસ્વાર્થ સેવા સંગઠન ની ટીમ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.